# અનુસૂચિતજનજાતિ માટેની ઇંદિરા આવાસ યોજના

## ( મૂલ્યાંકન અભ્યાસ )

ચંદ્રકાન્ત ઉપાધ્યાય
ડૉ. રેખા મહેતા

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ—૩૮૦ ૦૧૪.
૧૯૯૮

૩૪૬

## અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પાન નં. |
| --- | --- | --- |
| | આભાર | |
| ૧ | આવાસ યોજના ભૂમિકા | ૧ થી ૬ |
| ૨ | યોજના મૂલ્યાંકનની જરૂરિયાત | ૭ થી ૧૧ |
| ૩. | આવાસ યોજના અને લાભાર્થીઓ | ૧૨ થી ૪૪ |
| ૪. | અભ્યાસ આધારિત : પ્રશ્નો, તારણો અને સૂચનો | ૪૫ થી ૫૪ |

# આભાર દર્શન

માનવી આવાસની ઝંખના કે ખેવના પરિપૂર્ણ કરવા અથાગ પ્રયત્નો કરે છે, કેમકે તેની ઈચ્છા એક આગવું ઘર હોય તેવી છે પરંતુ માનવીની દરેક ઈચ્છા ફળિભૂત થતી નથી કેમકે કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિ ગરીબી, બેકારી, અજ્ઞાનતા, નિસહાયતા વગેરે તેમને ઈચ્છીત પરિણામ આડે આવે છે. પરંતુ આપણે તો કલ્યાણ રાજ્યને વરેલા છીએ, વળી બંધારણની રીતે પણ આપણે કેટલુક સ્વીકારેલું છે એટલે જે આવી પરિસ્થિતિનો ભોગ બન્યા હોય તેમને માટે જરૂરી આર્થિક સહાય કરવી જ પડે, આ કામગીરી રાજ્ય સરકારે ઉપાડીને આવા અસહાય કુટુંબને નાનું સરખું ઘર પૂરું પાડવાનું સ્વીકાર્યુ છે અને તેને મૂર્તિમંત કરવા માટે આવાસ યોજના અમલમાં મૂકી છે.

આવાસ માનવીને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી પૂરી પાડવાનું કામ તો કરે છે પરંતુ એ સાથે એવું પણ જોવાયું છે કે આયોજીત અને આરોગ્યપ્રદ રહેઠાણની સ્થિતિને કારણે મૃત્યુ પ્રમાણનો દર પણ નીચે રહે છે વળી તેનાથી સંતુલિત સામાજિક માળખું સર્જાય છે અને વ્યક્તિ સંતોષની લાગણી અનુભવે છે.

રાજ્યના અન્ય વિસ્તારોની સાથે સાથે આદિવાસી વિસ્તારમાં આવાસ યોજના પ્રસરી રહી છે, ત્યારે જે તે વિસ્તારમાં બાંધવામાં આવતા રહેઠાણો તે વિસ્તારના લાભાર્થીઓને કેટલેઅંશે અનુકૂળ કે પ્રતિકૂળ છે તે ઉપરાંત ઈંદિરા આવાસ યોજના આદિવાસી વિસ્તારમાં ફળિભૂત થઈ છે કેમ તે જાણવા માટે રાજ્યના આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની સૂચનાથી આદિવાસીઓ માટે ઈંદિરા આવાસ યોજનાનું મૂલ્યાંકન કરવાનું નક્કી કર્યુ છે.

આ મૂલ્યાંકન અભ્યાસ કરવામાં અનેકનું માર્ગદર્શન મળેલ, જેને ભૂલી શકાય તેમ નથી.

સૌ પ્રથમ તો રાજ્યના આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીએ આ યોજનાનો અભ્યાસ કરવો જોઈએ તેવું સૂચવ્યું તે ઘણુ પ્રસંશનીય છે કેમકે અભ્યાસથી પ્રશ્નો જાણી શકાય તેમજ યોજનાને વધુ ઉપયોગી બનાવવા માટે લોકોના-લાભાર્થીઓના અભિપ્રાયો જાણી શકાય. આમ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીએ કેન્દ્રને આવાસ યોજના મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવા જણાવી, જે જરૂરી આર્થિક સહયોગ આપ્યો છે તે બદલ તેમના આભારી છીએ.

યોજના સંદર્ભની જરૂરી વિગતો પૂરી પાડવા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ સંબંધીત તાલુકા વિકાસ અધિકારીના આભારી છીએ કે જેમણે પાયાની વિગતો અમોને આપી છે.

ખાસ આભાર તો લાભાર્થીઓનો કે જેઓ પોતાના કામમાં વ્યસ્ત હોય છતાં અભ્યાસ સંબંધી અને યોજના અંગેની માહિતી પૂરી પાડી હતી. તેમના સહકાર વગર અભ્યાસ થઈ જ ન શકે.

અભ્યાસનું ક્ષેત્રકાર્ય તેમજ કુટુંબ પત્રકોનું વર્ગીકરણ કરી અમોને જલ્દી પૂરા પાડયા હતા તેવા અમારા કાર્યકરો શ્રી સરીતાબેન ડી. ચૌધરી, શ્રી મુખ્તાર સૈયદ અને શ્રી રમેશભાઈ સોલંકીની મહેનતને ભુલી શકાય તેમ નથી.

કેન્દ્રના નિયામકશ્રી ર્ડા. સિ. સુ. સોલંકી કે જેમણે અભ્યાસની કામગીરી અમોને સોંપી તે બદલ તેમના પણ આભારી છીએ.

અભ્યાસ દ્વારા મળેલ તારણો, પ્રશ્નો અને સૂચનો બતાવ્યા છે. જેમાં યોજના કઈ રીતે ચાલી રહી છે અને તેમાં કેવા સુધારા-વધારા કરવા યોગ્ય છે તે બતાવ્યું છે જેને આધારે યોજના અમલીકરણકારો જરૂરથી વિચારી યોજના વધુ લોકાભિમુખ બને તેવું કરશે તેવી આશા સાથે.

ચંદ્રકાન્ત ઉપાધ્યાય
ર્ડા. રેખા મહેતા

પ્રકરણ - ૧

# આવાસ યોજના ભૂમિકા

## પ્રકરણ - ૧

# આવાસ યોજના ભૂમિકા

આઝાદીબાદ દેશમાં સામાજિક-આર્થિક ઉત્થાન માટે આયોજીત વિકાસનો અભિગમ અપનાવી પંચવર્ષીય યોજનાઓ દ્વારા ધ્યેય બદ્ધ, સમયબદ્ધ કાર્યક્રમો, યોજનાઓ, પરિયોજનાઓ જેવી વ્યુહરચનાઓ ગોઠવીને યોજનાના પાયાના હેતુઓ સિદ્ધ કરવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. યોજનાઓ સુઆયોજીત, વાસ્તવિક હોવા છતાં સંપૂર્ણ થઈ છે એમ કહેવામાં અતિશયોક્તિ છે, પરંતુ નિષ્ફળ ગઈ છે એમ કહેવામાં નરી નકારાત્મકતા જ છે.

સમગ્ર વિશ્વમાં તેમાં પણ ખાસ કરીને વિકસતા અને ગરીબ દેશોમાં ત્યાંના કુટુંબોને આરોગ્યપ્રદ આવાસ પૂરું પાડવાનું કામ ઘણું મુશ્કેલ છે. અન્ય દેશોની જેમ ભારતમાં પણ વસવાટની સમસ્યા એ વિકટ સામાજિક સમસ્યા બની છે. આ સમસ્યા માત્ર આદ્યોગિક નગરો પૂરતી સિમિત રહી નથી પરંતુ ગ્રામ્ય વિસ્તારો અને આદિવાસી વિસ્તારોમાં પણ એટલી જ ભયંકર રીતે પ્રવર્તે છે. ગ્રામ્ય વિસ્તારના અને આદિવાસી વિસ્તારના જમીન વિહોણા અને નબળા લોકોને કારમી ગરીબાઈને કારણે વર્ષ દરમિયાન પૂરતો અને પૌષ્ટિક ખોરાક મેળવવા ભારે સંઘર્ષ કરવા છતાં પણ કેટલાક ટંકો અને દિવસો ભૂખ્યા અથવા અર્ધભૂખ્યાની સ્થિતિમાં રહેવું પડે છે. આ સાથે સાથે તેમને માનવગૌરવને છાજે તેવું સાંકડુ પણ આરોગ્યપ્રદ રહેઠાણ મેળવવાની પણ એટલી જ ગંભીર સમસ્યા છે.

દેશમાં આઝાદી પ્રાપ્તિના સમયે જે સાંપ્રત સમસ્યાઓની વણઝાર સર્જાઈ હતી તેમાં ગ્રામ્ય સમાજના લોકો માટે પૂરતા, આરોગ્યપ્રદ રહેઠાણની તંગીની સમસ્યા એક ટોચની સમસ્યા તરીકે હતી. ઉપરાંત વસતિ વધારાના સતત ભારણને કારણે આવાસ સમસ્યા વધુને વધુ સંકુલ અને ગંભીર બની છે.

**આવાસ યોજના :**

જેમને આવાસની જરૂર છે જે લોકો આવાસ વિના નિસહાય જીવન જીવી રહ્યા છે તેઓને વસવાટ મળે તે માટે સરકારશ્રી દ્વારા પછાત વિસ્તારોમાં ૧૦૦% સહાયથી ઈંદીરા આવાસ યોજના અમલમાં મૂકી છે.

**ઈંદીરા આવાસ યોજના શું છે ?**

(૧) ઈંદીરા આવાસ યોજના એ જવાહર યોજનાનો ભાગ છે. આ યોજના નીચે એસ.સી./એસ.ટી. અને મુક્ત થયેલા બંધવા મજૂરો લાભ લઈ શકે છે.

(૨) સામાન્ય રીતે ઈંદીરા આવાસ યોજનામાં મકાનો સાથોસાથ જૂથમાં બનાવાય છે જેથી સામાન્ય સુવિધાઓ આપી શકાય છે, જો જમીન ઉપલબ્ધ ન હોય અને જૂથમાં મકાનો બનાવવાનું શક્ય ન હોય અથવા લાભાર્થીઓ પાસે જુદી જુદી જગ્યાએ જમીનના પ્લોટ હોય તો એ સમયે આ એક સાથે મકાન બનાવવાના અભિગમને બાજુએ રાખીને મકાનો બાંધી આપવા.

(૩) ઈંદીરા આવાસ યોજનામાં કોઈ ડીઝાઈન પૂરી પાવામાં (પાડવામાં) આવતી નથી પરંતુ આ મકાનનો પ્લીન્થ એરિયા ૧૭ x ૨૦ ચો.મિ. હોવો જોઈએ. (શરૂઆતમાં આ ક્ષેત્રફળ નક્કી કરેલ હતું)

(૪) મકાનમાં રસોડું, નિર્ધૂમ ચૂલા અને સંડાસની સુવિધા જરૂરી છે.

**યોજનાનો ઉદ્દેશ :**

યોજનાનો મૂળ ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં ગરીબી રેખાની નીચે જીવતા અને ઘરવિહોણા કુટુંબોને સ્વસ્થ અને આરોગ્યપ્રદ રહેઠાણ મળી રહે અને આર્થિક રીતે બોજ ઓછો થાય તે ઉદ્દેશથી સરકારશ્રીએ આવાસ યોજનાને ભારતીય ગ્રામીણ સમાજ, પછાત વિસ્તારમાં અમલમાં મૂકી છે.

આવાસ યોજનાની અંદર વિવિધ પ્રકારની એજન્સીઓ દ્વારા કામ થાય છે. જેમાં સમાજ કલ્યાણ, હુડકો, સરદાર યોજના અને ઈંદીરા આવાસ યોજના છે. તેમાં ઈંદીરા આવાસ યોજનામાં ગ્રામીણ વિસ્તારમાં ઘર વિહોણા ગરીબ કુટુંબોને ૧૦૦% સબસીડીથી આપવામાં આવતી આવાસ યોજના અમલમાં મૂકી છે.

યોજના હાલ રાજ્યના બધાજ જિલ્લામાં અમલી છે, જ્યાં સુધરેલ જાહેર વિતરણ વ્યવસ્થા અમલમાં છે ત્યાંના વિસ્તારોમાં રહેતા અને જેમની આવક રૂા.૧૧,૦૦૦/- સુધીની છે અને રહેવા માટે મકાનની સુવિધા નથી તેવા કુટુંબોને સ્વસ્થ અને આરોગ્યપ્રદ રહેઠાણ મળી રહે તેને ખ્યાલમાં રાખવામાં આવે છે. આ બાબતોને ખ્યાલમાં રાખી સરકારશ્રી દ્વારા આદિવાસી વિસ્તારમાં આવાસ યોજના અમલમાં મુકવામાં આવી છે.

**યોજનાનું અમલીકરણ :**

આવાસ યોજના હેઠળ અમલીકરણ એજન્સીઓ તરીકે જિલ્લાકક્ષાએ કાર્યરત ગ્રામ્ય વિકાસ એજન્સી, કમિશ્નરશ્રીની યોજના સમાજકલ્યાણ ખાતા દ્વારા અને હુડકો અને ઈંદીરા આવાસ યોજના એમ વિવિધ પ્રકારની આવાસ યોજના અમલમાં છે.

સૌ પ્રથમ આ યોજનાની અંદર દરેક ગામદીઠ તાલુકા વિકાસ કચેરીમાંથી આવાસની ફાળવણી થાય છે. ત્યારપછી ગ્રામપંચાયત દ્વારા ગ્રામસભા બોલાવીને ગામના જે કુટુંબોને મકાન સુવિધા નથી એટલે કે ઘરવિહોણા છે, તેમજ એકજ મકાનમાં બે કે તેથી વધુ ભાઈઓ સાથે રહેતા હોય અને મકાન બનાવવાની પૂરતી સગવડ ન હોય ત્યારે આવક મર્યાદાને ધ્યાનમાં રાખી આવાસ માટે ગ્રામ પંચાયત દ્વારા ભલામણ થાય છે. ત્યારબાદ તાલુકાકક્ષાએથી (આઈ.આર.ડી) તેની ચકાસણી થાય છે અને લાભાર્થી યોગ્ય છે તેવું જણાય તો જ તેને માટે દરખાસ્ત કરાય છે.

યોજનાની આગવી વિશિષ્ટતા એ છે કે લાભાર્થી પોતે જ પોતાની પસંદગીથી પોતાની જમીનમાં પોતાની જરૂરિયાત પ્રમાણે મકાન બાંધી શકે છે. યોજનાની અંદર મકાનનું ક્ષેત્રફળ ૧૨ x ૧૮ ચો.મી. છે, પરંતુ તેમાં પણ છૂટછાટ આપવામાં આવેલ છે, અને લાભાર્થીને યોગ્ય લાગે અને પોતાની સ્થિતિ મુજબ રકમ ઉમેરી શકે તેમ હોય તો વધુ ક્ષેત્રફળમાં પણ મકાન બનાવી શકે છે, આ સાથે વિસ્તારની રીતે પણ લાભાર્થીને છૂટ અપાય છે. જેમાં લાભાર્થી ઈચ્છે તેને પસંદ પડે તે જગ્યાએ મકાન બનાવી શકે છે. આ ઉપરાંત મકાનની સામગ્રી માટે પણ લાભાર્થી ઉપર બધુ છોડી દેવામાં આવે છે. જેમાં રો-મટીરીયલ, મજૂરી, જમીન વગેરે લાભાર્થી પર છોડાય છે. જેથી લાભાર્થી પોતાને સુયોગ્ય એવું મકાન બનાવી શકે છે.

આવાસ યોજના નીચે ભંડોળ માટે કોઈ મર્યાદા નથી, પરંતુ ઉપલબ્ધ ભંડોળના ૫૦% રકમ ખર્ચ થાય એટલે પછીના હપ્તા માટે સરકારમાં દરખાસ્ત કરી શકાય છે.

ઈંદીરા આવાસ યોજનાની અંદર પ્રતિવર્ષ વિહંગાવલોકન કરી વ્યક્તિદીઠ યુનિટ કોષ્ટમાં ફેરફાર થયા છે, અને એ રીતે મોંઘવારીને નજરમાં રાખી યુનિટ કોષ્ટમાં વધારો થતો જ રહ્યો છે જેમકે,

| ક્રમ | વર્ષ | યુનિટ કોષ્ટ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧. | ૧૯૯૪-૯૫ | ૧૧,૩૦૦ |
| ૨. | ૧૯૯૫-૯૬ | ૧૪,૩૦૦ |
| ૩. | ૧૯૯૬-૯૭ | ૧૯,૫૦૦ |
| ૪. | ૧૯૯૭-૯૮ | ૧૯,૫૦૦ |

આ યુનિટ કોષ્ટ ઉપરાંત જે લાભાર્થી મકાનની અંદર નિર્ધૂમ ચૂલો બનાવે તો તેને વધારાના રૂા. ૨૫૦૦/- આપવામાં આવે છે.

**આવાસ યોજના કાર્યક્રમ - વિકાસના પરિપેક્ષમાં :**

ગ્રામ્ય વિસ્તારો, પછાત વિસ્તારો, ખેતમજૂરો, અનુ.જાતિઓ, અનુ.જનજાતિઓને માટે મકાન બાંધવાની યોજનાનું અમલીકરણ ભિન્ન-ભિન્ન સંસ્થાઓ દ્વારા થઈ રહ્યું છે જેનું સંકલન સંબંધિત તાલુકા પંચાયત કચેરી કરે છે. મકાન બાંધકામ પ્રવૃત્તિમાં ગુજરાત રાજય ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ મહત્વની સંસ્થા કહી શકાય, આવાસ બાંધકામની બીજી મહત્વની સંસ્થા હુડકો છે. હુડકોના ધિરાણ ઉપરાંત રાજય સરકાર, જિલ્લા પંચાયતના નિયત અનુદાનથી તાલુકા પંચાયત કચેરી દ્વારા આ કાર્યક્રમ અમલમાં છે.

જ્યારે ત્રીજી સંબંધિત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી છે. આમાં લાભાર્થીને મકાન પણ પૂરું પડે છે. સાથે રોજગારી મળે છે કારણકે ઘરના સભ્યો દ્વારા જે મહેનત-મજૂરી થાય છે તેને નાણાના રૂપમાં ગણવામાં આવે છે.

ગ્રામ્ય વિસ્તારમાં રહેઠાણની તીવ્ર તંગીની સમસ્યાની ગંભીરતા સમજીને આયોજનપંચે પ્રથમ પંચવર્ષિય યોજનામાં ગ્રામ આવાસ યોજનાનો સમાવેશ કર્યો હતો. વાસ્તવમાં બીજી પંચવર્ષિય યોજનાના સમયગાળા દરમિયાન સૌ પ્રમથવાર ૧૯૫૭ના વર્ષમાં સમગ્ર દેશના સ્થિતિપાત્ર ઘટકોના પસંદગીના ગામોમાં આવાસ બાંધકામ સાથે યોજના અમલી બનાવી હતી.

ગ્રામણી આવાસ કાર્યક્રમમાં બીજી સીમાચિન્હરૂપ ઘટના ૧૯૭૨ના વર્ષમાં બનવા પામી હતી. આ વર્ષથી દેશમાં સૌ પ્રથમવાર ગ્રામ વિસ્તારોમાં વસતા જમીનવિહોણા ખેતમજૂરોને મકાન ઘરથાળનો પ્લોટ આપવાની યોજના દાખલ કરવામાં આવી હતી. ગ્રામ આવાસ હેઠળની તમામ યોજનાઓમાં મકાન ઘરથાળ પ્લોટ આપવાની યોજના અત્યંત લાભદાયી બની રહી છે તેમાં શંકા નથી. આ યોજના હેઠળ પાંચમી પંચવર્ષિય યોજનાના અંતભાગમાં લગભગ ચાર લાખથી વધુ ખેતમજૂરોને મકાન ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવ્યા હતા.

૧૯૭૪ના વર્ષમાં ગ્રામ આવાસ કાર્યક્રમ હેઠળ નિમ્ન આવક જૂથના લોકો માટે હુડકો પ્રાયોજીત આવાસ બાંધકામનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ હેઠળ પાંચમી પંચવર્ષિય યોજનાના અંતે માત્ર ૪૫૪ આવાસો બાંધવામાં આવ્યા હતા.

આવાસ કાર્યક્રમમાં ૧૯૭૨ના જેવી જ બલ્કે તેનાથી વધુ મહત્વની ઘટના ૧૯૭૬ના વર્ષમાં બનવા પામી હતી. આ વર્ષમાં દાખલ કરાયેલ યોજના મુજબ જેમને મફત ઘરથાળના પ્લોટો આપવામાં આવ્યા છે પરંતુ તેમની નબળી આર્થિક સ્થિતિ અને અન્ય સંબંધિત

કારણોને લઈને રહેઠાણ બાંધી શક્યા ન હતા. આવા કુટુંબો પોતાનું આવાસ બનાવી શકે એ માટે જમીન વિહોણા ખેતમજૂરોને તેમને ફાળવાયેલ મફત ઘરથાળના પ્લોટ ઉપર આવાસ બાંધવા માટે સહાય આપવાનું અમલી બન્યું. આ યોજના નીચે પાંચમી પંચવર્ષિય યોજનાના અંત ભાગમાં ૧,૧૧,૮૭૬ ખેતમજૂરોને લાભાર્થી બનાવાયા હતા.

૧૯૭૮ના વર્ષમાં આ કાર્યક્રમમાં બે નવી યોજના અમલી બનાવી હતી જેમાં (૧) ગ્રામ વિસ્તારના આર્થિક રીતે નબળાં વર્ગો માટે આવાસો બાંધવાની યોજના જેમાં ખેતમજૂરો ઉપરાંત ગ્રામ્ય સમાજના સિમાંત ખેડૂતો, ગ્રામ્ય કારીગરો જેવા આર્થિક રીતે નબળા વર્ગોનો લાભાર્થી તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. પાંચમી પંચવર્ષિય યોજનાના અંતભાગમાં આ કાર્યક્રમ હેઠળ આર્થિક રીતે નબળા વર્ગના ૧૪૭૨ અરજદારોને લાભાર્થી બનાવાય હતા. (૨) ગ્રામ વિસ્તારોમાં લોકો પોતાના આવાસોમાં પેઢીદર પેઢી રહે છે. આ મકાનોને હવા ઉજાસવાળા ઉપરાંત આરોગ્યપ્રદ બનાવવા તેમજ પાણીયારા, શોષખાડા, સંડાસ, નાવણિયા જેવી સગવડો ઉભી કરવામાં આવે તે જરૂરી હતું. આ રીતે આજ સમયગાળામાં રહેઠાણ સુધારણા સહાયની યોજના શરૂ કરવામાં આવી. આ યોજના હેઠળ કુલ ૫૬,૦૯૯ અરજદારોને આવાસ સુધારણા સહાય આપી લાભાર્થી બનાવાયા હતા. આ રીતે પાંચમી પંચવર્ષિય યોજના સુધીમાં ગ્રામ આવાસ યોજનામાં ઠીક ઠીક પ્રગતિ સાધવામાં આવી હતી. આ રીતે લાભાર્થીઓમાં આવાસની માલિકી એ તેમનામાં એક પ્રકારનો આત્મવિશ્વાસ જન્મ્યો હતો અને જે દ્વારા જીવનધોરણ સુધારવાની પ્રેરણા મળી હતી.

જ્યારે છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં ગ્રામ આવાસ કાર્યક્રમમાં ખાસ કરીને નબળાં વર્ગના લોકો સંદર્ભે આવાસ યોજનાઓ ઉપર ભાર મુકવામાં આવ્યો હતો, અને આ યોજનાના સમયગાળામાં આવાસ કાર્યક્રમની અગાઉની તમામ યોજનાઓ ચાલુ રાખવામાં આવી હતી એટલું જ નહિ પણ સમયોચિત સુધારાવધારા કરી યોજના વધુ લોકાભિમુખ બનાવી હતી.

સાતમી યોજના દરમિયાન પણ અનુ.જનજાતિ સહિત અન્ય નબળાં વર્ગોને આવરી લેવામાં આવ્યા હતા અને તેમાં ગ્રામ આવાસ કાર્યક્રમને ખાસ મહત્વ અપાયુ હતુ. તેથી આ કાર્યક્રમમાં પ્રોત્સાહક પ્રગતિ સાધી શકાઈ છે. સાતમી યોજના દરમિયાન આવાસ કાર્યક્રમમાં નીચે મુજબની કામગીરી થઈ હતી.

(૧) ફાળવાયેલ પ્લોટ ઉપર રહેઠાણ બાંધવા ૭.૭૦ લાખ આવાસનો લક્ષાંક રાખી રૂા.૪૪,૭૩૮ લાખની ફાળવણી કરવામાં આવી હતી.

(૨) ગ્રામ્ય આવાસ સુધારણા માટે ૨.૦ લાખ આવાસનો લક્ષાંક રાખી રૂા.૪૬૪ લાખની ફાળવણી કરી હતી.

(૩) આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧.૦૦ લાખ આવાસ બનાવવાનો લક્ષાંક રાખી તેને માટે રૂા. ૭,૦૦૭ લાખની ફાળવણી થઈ હતી.

(૪) નિમ્ન આવકજૂથ માટે ૦.૫૦ લાખનો આવાસ બનાવવાના લક્ષાંક સાથે રૂા.૧૦,૪૪૦ લાખ ફાળવાયા હતા, જયારે

(૫) ગ્રામ ખેડૂતોને રહેઠાણ બાંધવા ૦.૧૦ લાખનો લક્ષાંક રાખી રૂા.૨,૦૮૭ લાખ ફાળવાયા હતા.

ઉપરોક્ત વિગતોથી સ્પષ્ટ થાય છે કે સરકારશ્રીની આવાસ યોજના જ કામગીરીમાં આંકડાકીય રીતે વૃદ્ધિ થતી રહી છે.

પરંતુ આ સાથે ગ્રામ વિસ્તારોમાં નબળા વર્ગોના રહેઠાણ બાંધકામ પ્રવૃત્તિમાં જે વેગ આવ્યો છે સાથોસાથ આરોગ્યપ્રદ, હવા-ઉજાસવાળા અને આકર્ષક લાગતાં રહેઠાણો બંધાઈ રહ્યા છે તેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા અમલી બનાવાયેલ રાષ્ટ્રીય ગ્રામ રોજગાર કાર્યક્રમ અને ગ્રામણી મજૂર રોજગાર બાંહેધરી યોજનાનો ફાળો અગ્રેસર રહ્યો છે. આ કાર્યક્રમ હેઠળ બંધાતા રહેઠાણો એજન્સીના તાંત્રિક કર્મચારી, ઓવરસીયર અને લાભાર્થીઓ પોતે અથવા ગ્રામ્ય કારીગરો દ્વારા આ બાંધકામ પ્રવૃતિ કરવામાં આવે છે. તેથી સૌ પ્રથમ બાંધકામમાં ગણુવત્તાવાળો માલસામાન નિયમ પ્રમાણે વાપરવામાં આવે છે. સાથે સાથે લાભાર્થી પોતે થોડું ઘણુ મૂડી રોકાણ કરી સારી કક્ષાના રહેઠાણો બનાવી શકે છે. વળી આ યોજનામાં રહેઠાણ ઉપરાંત કેટલીક સુવિધાઓ દા.ત. રસ્તા સમતળ કરવા, પીવાના પાણીની સુવિધા, સ્ટેન્ડ પોસ્ટ બનાવવું, વીજળીની સુવિધા ઉભી કરવી વગેરે ઉપલબ્ધ બનતાં બંધાયેલા રહેઠાણનો યથાર્થ ઉપયોગ થઈ શકે છે. આ યોજનામાં લાભાર્થી રહેઠાણમાં જો સંડાસ, નાવણીયા, નિર્ધૂમ ચૂલા વગેરે બનાવે તો નિયત ૧૯,૫૦૦ રૂપિયા ઉપરાંત રૂા.૨,૫૦૦ આપવામાં આવે છે.જેથી લાભાર્થીને આરોગ્યપ્રદ અને હવા-ઉજાસવાળુ મકાન મળી રહે છે.

પ્રકરણ - ૨

# યોજના મૂલ્યાંકનની જરૂરિયાત

## પ્રકરણ - ૨

# યોજના મૂલ્યાંકનની જરૂરિયાત

રાજ્ય સરકારે રાજ્યના સંતુલિત વિકાસ તેમજ ભારતીય સમાજની પરિસ્થિતિમાં જોતા જાતિ આધારિત સમાજ રચના, આર્થિક અને તકોની અસમાનતાની વિશાળ ખાઈનું અંતર ઘટાડવા માટે રાજ્ય બંધારણની કલમ ૪૬ સી હેઠળ સરકારને વિસ્તૃત સમજ આપવામાં આવી છે. આપણા સંવિધાનમાં દર્શાવેલ જનકલ્યાણના ઉદ્દેશોને સુસંગત કરવા ખાસ કરીને ગરીબોની, પછાતોની, પિડીતોની સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવા માટે સંખ્યાબંધ પગલાં લીધા છે. તેમાંનું એક મહત્વનું આગવું અનિવાર્ય એવું પગલું તે 'આવાસ યોજના' છે તેમ કહેવામાં અતિરશયોક્તિ નથી, કેમકે વ્યક્તિએ કુટુંબ સાથે રહેવા માટે 'ઘર' અનિવાર્ય છે અને એટલે જ આપણે ત્યાં લોકવાયકમાં કહેવાયું છે કે 'દુનિયાનો છેડો ઘર' આ નાના સરખા વાક્યથી જ ખ્યાલ આવી જાય કે ઘરનું મહત્વ અને વ્યક્તિની ઈચ્છા શું છે.

માનવીની પાયાની મુખ્યત્વે ત્રણ જરૂરિયાતો છે. અન્ન, વસ્ત્ર અને રહેઠાણ તેમાં રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના લોકો પહાડી પ્રદેશ અને છેવાડાના વિસ્તારમાં વસતા આદિવાસી લોકોને અન્ન અને વસ્ત્ર આપવાની યોજના છે તો બીજી પંચવર્ષિય યોજનાથી ગરીબ, પછાત અને નબળા વર્ગના લોકો કે જેમને રહેઠાણ નથી તેને માટે આવાસ યોજના અમલમાં મૂકાય છે. સમયાંતરે આ કામગીરીમાં વધુને વધુ એજંન્સીઓ આવતી ગઈ અને સાથો સાથ જરૂર પડે તે રીતે એટલે કે વધુ લોકોને સહેલાઈથી આવાસ મળે તે માટે પ્રસંગોપાત સુધારા-વધારા પણ થતા રહે છે.

**મૂલ્યાંકનની જરૂરિયાત :**

વ્યક્તિની આવક મર્યાદાને ધ્યાનમાં રાખીને દરેકને પોતાનું આવાસ મળે તેવી વ્યવસ્થા અંગેનું આયોજન હજુ આપણી અર્થવ્યવસ્થામાં નબળુ છે, પરિણામે આજે પણ આવાસ સમસ્યા સંખ્યાત્મક અને ગુણાત્મક રીતે વિસ્તરતી જાય છે.

આગળ બતાવ્યું તેમ સરકારશ્રીની વિવિધ એજન્સીઓ મારફત છેલ્લા ચાલીસ વર્ષથી આવાસ યોજનાની કામગીરી થઈ રહી છે. યોજના વધુ સારી બને, વધુ લોકો અને વર્ગોને આવરી લેવાય તે માટે અનેક એજન્સી દાખલ થઈ અને એ રીતે કેન્દ્રિય સ્તરેથી શરૂ કરી રાજ્ય સ્તરે અને રાજ્ય સ્તરેથી લઈ જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે યોજના પહોંચી છે. ઉપર બતાવેલ વિવિધ એજન્સી દ્વારા આવાસ પૂરા પાડવાની કામગીરી ચાલી રહી છે.

પરંતુ તેમાં પણ આદિવાસીઓ અને પછાતોને માટે અમલમાં આવેલ ઈંદીરા આવાસ યોજના અતિ મહત્વની અને ઉપયોગી દેખાય છે, કેમકે તેમાં નિયમોમાં ઘણી છૂટછાટ રાખી વ્યક્તિ પોતાને મનપસંદ મકાન તૈયાર કરી શકે છે.

આદિવાસી સમાજ માટે જ્યારે આવાસની વાત કરીએ ત્યારે કેટલીક અન્ય બાબતોને પણ સમજવી પડે કેમકે આદિવાસી સમાજએ ભિન્ન સંસ્કૃતિ ધરાવતો સમુદાય છે એટલે ત્યાં આપણી યોજના કે કાર્યક્રમો મુજબ જો અમલીકરણ કરવામાં આવે તો ધાર્યુ પરિણામ લાવી શકાય નહિ. આ સાથે જે કોઈ કાર્યક્રમોનો અમલ કરીએ તેમાં હંમેશા તેમની ભાગીદારી રાખીએ તો ધ્યેય સુધી પહોંચવામાં સારું રહેશે.

ઉપરોક્ત બાબતોને ખ્યાલ રાખી આવાસ યોજના સંદર્ભમાં વિચારવાનું છે. એવું કહેવાય છે કે આ યોજના નીચે વિસ્તૃત વિસ્તાર અને કુટુંબોને આવરી લેવાયા છે. માત્ર પંચમહાલ જિલ્લાની વાત કરીએ તો વર્ષ ૧૯૯૫-૯૬માં આ યોજના નીચે દાહોદ, લીમખેડા, ઝાલોદ, સંતરામપુર અને દેવગઢબારિયાના મળી કુલ ૪,૬૯૩ લાભાર્થીઓ હતા તો આજ તાલુકાઓના વર્ષ ૯૬-૯૭માં ૩,૭૩૨ લાભાર્થીઓ હતા. આ આંકડા પરથી જોઈ શકાશે કે યોજના નીચે વધુ કુટુંબોને આવરી લેવાયા છે. આજ રીતે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી રહી છે. એટલે પછાત અને નબળા વર્ગો તેમજ ગરીબો માટે આ યોજના સારી છે એવું ચર્ચાય છે. ત્યારે ખરેખર વર્તમાન સમયમાં યોજનાની અને લેનારાની સ્થિતિ શું છે. આનો લાભ ગરીબો અને નબળા વર્ગોને મળે છે ખરો ? અને મળતો હોય તો કેટલા અંશે ? યોજનામાં કાંઈ સુધારા-વધારાને અવકાશ છે ખરો ? મતલબ કે યોજનાને વધુ લોકાભિમુખ અને સુદ્રઢ કરવા શું કરી શકાય ? તો યોજના સાથે જે કોઈ સંકળાયેલા છે તેમની મુશ્કેલીઓ શું છે તે પણ જાણવું પડે. આ સાથે તેમને માનવ ગૌરવને છાજે તેવું સાંકડું પણ આરોગ્યપ્રદ રહેઠાણ મેળવવાની પણ એટલીજ ગંભીર સમસ્યા છે. ગ્રામ સમુદાયની કેટલીક જાતિઓ તોઆજે પણ ખેતરમાં નાનું સરખું અથવા તો કહેવા પૂરતું ઝૂંપડું બનાવી વર્ષોથી ત્યાંજ ઠરીઠામ થયેલ છે. આ ઉપરાંત કોઈપણ યોજનાનું અમુક સમયાંતરે મૂલ્યાંકન અભ્યાસ માત્ર જરૂરી જ નહિ બલ્કે અનિવાર્ય છે કે જેનાથી બૃહદ સમાજમાં વહીવટમાં પડેલાઓમાં કેટલીક શંકાઓ હોય તો તેનું ખંડન પણ થઈ શકે છે. આ ઉપરાંત આ અભ્યાસના નીચે દર્શાવ્યા મુજબના કેટલાક ખાસ ઉદ્દેશો પણ રાખવામાં આવ્યા હતા.

**અભ્યાસના ઉદ્દેશો :**

(૧) યોજનાના અમલીકરણથી આદિવાસી કુટુંબોને આવાસ સુવિધા કેટલે અંશે સુલભ બની છે.

(૨) આદિવાસી વિકાસ અને ઉત્કર્ષમાં કેટલે અંશે મદદરૂપ છે.

(૩) યોજના આદિવાસી કુટુંબોને ઉપયોગી હોય તો વધુ વિસ્તાર અને કુટુંબોને આવરી લેવા.

(૪) આવાસ યોજનામાં બનાવેલ મકાનો આદિવાસીઓને અનુકૂળ આવે તેવા બંધાયા છે કે કેમ ?

(૫) યોજના નીચે મળેલ મકાનનો ઉપયોગ લાભાર્થી પોતે જ કરે છે કે અન્ય કોઈ ?

(૬) યોજનાથી મળેલ મકાનમાં લાભાર્થીઓએ કોઈ સ્વપ્રયાસ કે સ્વમૂડીરોકાણ કરી ઘર પરિવર્તન કરાવ્યું છે કે કેમ ?

(૭) આવાસ યોજનાનો અમલ થયો છે ત્યાં ઉપલબ્ધ પાયાની સુવિધા તપાસવી.

(૮) યોજના સંબંધના પ્રશ્નો બતાવવા અને યોજના વધુ ઉપયોગી બને તે માટેના સુઝાવો બતાવવા.

**નિદર્શ પસંદગી :**

રાજ્યમાં આદિવાસી કુટુંબો માટે આવાસ યોજના જુદા જુદા વિસ્તારોમાં કાર્યરત છે, પરંતુ અભ્યાસ રાજ્યના બધા જ વિસ્તારોમાં કરવો મુશ્કેલ હોય કેમકે અભ્યાસના તારણો સંબંધીતોને જલ્દીથી આપવાના હોય કામ ઝડપથી કરવાનું હતું, તો સાથે યોજના અંગેની વિસ્તૃત જાણકારી મળે એ બાબતને પણ નજરમાં રાખવાની હતી એટલે સમગ્રનું પ્રતિનિધિત્વ જળવાય રહે તે રીતે નીચે કોઠો ૨:૧ માં બતાવ્યા મુજબનો વિસ્તાર પસંદ કરવામાં આવ્યો હતો.

કોઠો ૨:૧

ઈંદિરા આવાશ યોજના પ્રાયોજના વિસ્તાર, તાલુકા, ગામ
અને લાભાર્થીઓની સંખ્યા

| ક્રમ | પ્રાયોજના | તાલુકા | ગામ | લાભાર્થી સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | દાહોદ | ૧. દાહોદ | ૧. પાંદડી | ૦૫ |
| | | | ૨. બાવકા | ૦૧ |
| | | | ૩. જેસાવાડા | ૦૨ |
| | | | ૪. ચાંદાવાડા | ૦૨ |
| | | | ૫. નઢેલાવ | ૦૫ |
| | | ૨. લીમખેડા | ૧. રણધીરપુર | ૦૨ |
| | | | ૨. ચુંદડી | ૦૨ |
| | | | ૩. ધાનપુર | ૦૨ |
| | | ૩. ઝાલોદ | ૧. ડગેરિયા | ૦૨ |
| | | | ૨. મીરાખેડી | ૦૨ |
| | | | ૩. વાંકોલ | ૦૧ |
| | | | ૪. મહુડી | ૦૨ |
| | | ૪. દેવગઢબારીયા | ૧. રીંછીયા | ૦૪ |
| | | | ૨. સીમલિયા | ૦૨ |
| | | | ૩. કાલસર | ૦૧ |
| ૨. | ખેડબ્રહ્મા | ૧. ખેડબ્રહ્મા | ૧. ખેડવા | ૦૫ |
| | | | ૨. દોતડ | ૦૩ |
| | | | ૩. દેમતી | ૦૨ |
| | | | ૪. વીંછી | ૦૩ |
| | | | ૫. લાંબડીયા | ૦૨ |
| | | ૨. વિજયનગર | ૧. ચિત્રોડી | ૦૨ |
| | | | ૨. ચિઠોડા | ૦૨ |
| | | | ૩. વણઘોલ | ૦૩ |
| | | | ૪. પરોસણ | ૦૩ |
| | | | ૫. બુધરાસણ | ૦૫ |
| ૩. | છોટાઉદેપુર | ૧. છોટાઉદેપુર | ૧. મોટી હુમાલી | ૦૪ |
| ૪. | વાંસદા | ૧. વાંસદા | ૧. મીઢાબારી | ૦૭ |
| | | | ૨. સીતાપુર | ૧૧ |
| | | | ૩. મનપુર | ૧૩ |
| ૫. | કુલ | ૦૮ | ૨૯ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠો જોવાથી ખ્યાલ આવશે કે અભ્યાસમાં વિસ્તારની રીતે દાહોદ, ખેડબ્રહ્મા, છોટાઉદેપુર અને વાંસદા એમ ચાર પ્રાયોજના વિસ્તારને આવરી લીધેલ છે, આ પ્રાયોજના વિસ્તારના આદિવાસી વસતિ ધરાવતા આઠ તાલુકા ને તેના ઓગણત્રીસ ગામના સો કુટુંબો પસંદ કર્યા હતા.

પ્રાયોજના પ્રમાણે જોઈએ તો દાહોદ પ્રાયોજનાના ચાર તાલુકાના પંદર ગામ અને પાંત્રીસ કુટુંબો, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના બે તાલુકાના દશ ગામ અને ત્રીસ કુટુંબો, છોટાઉદેપુરમાંથી છોટાઉદેપુર તાલુકાનું એક ગામ અને ચાર કુટુંબો જ્યારે વાંસદામાંથી પણ વાંસદા તાલુકાના ત્રણ ગામના મળી એકત્રીસ કુટુંબો અભ્યાસ નીચે આવરી લીધા હતા.

પસંદ થયેલ કુટુંબોનું વર્ષવારની રીતે જોતા વર્ષ ૧૯૯૧-૯૨ના ૧૫ લાભાર્થી હતા, વર્ષ ૯૨-૯૩ના ૧, ૯૩-૯૪ના ૧૮, ૯૪-૯૫ના ૨૧, ૯૫-૯૬ના ૨૪ અને વર્ષ ૧૯૯૬-૯૭ના ૨૧ એમ કુલ ૧૦૦ લાભાર્થીઓ જુદા જુદા વર્ષ આધારે પસંદ કર્યા હતા.

અભ્યાસ સંબંધની માહિતી બે રીતે મેળવવામાં આવી હતી.

પ્રથમ તબક્કામાં યોજના સંબંધનું જરૂરી સાહિત્ય સંબંધીત કચેરીમાંથી મેળવી, યોજનાની પદ્ધતિ, લાભાર્થીઓની માહિતી યાદી વગેરે મેળવવામાં આવ્યા હતા.

જ્યારે બીજા તબક્કામાં યોજના સંબંધની પાયાની અને પ્રાથમિક વિગતો પ્રત્યક્ષ તપાસ સમયે જુદી જુદી સંશોધન પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સંશોધન પ્રવિધિઓ :**

**(૧) અનુસૂચિ :**

અનુસૂચિ દ્વારા કુટુંબની સામાન્ય વિગતો, તેમના હાલના રહેઠાણની સ્થિતિ, પશુઓ બાંધવાની વ્યવસ્થા, ખેતીની જમીન, તેમની કૌટુંબિક માહિતી જેમાં કુટુંબના વડા સાથેનો સંબંધ, વૈવાહિક દરજ્જો, ઉંમર, શિક્ષણ, વ્યવસાય, વ્યવસાયમાંથી થતી આવક તેમજ આવાસ યોજના સંબંધમાં યોજના કેવી લાગે છે, યોજના સંબંધમાં લાભ લેતી વખતે પડતી મુશ્કેલીઓ, યોજનાનો લાભ લઈ મકાન કેવું બનાવ્યું અને યોજનાને વધુ સારી અને ઉપયોગી બનાવવા શું શું કરવું જોઈએ તેની વિગતો મૂકી હતી.

**(૨) મુલાકાત :**

યોજના સાથે સંકળાયેલ જિલ્લા ગ્રામ વિકાસ કચેરીના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, પ્રાયોજના વહીવટદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગ્રામ સેવક અને ગામ આગેવાનોની મુલાકાત લઈ યોજના સંબંધમાં વિગતો મેળવી હતી.

પ્રકરણ - ૩

# આવાસ યોજના અને લાભાર્થીઓ

પ્રકરણ - ૩

# આવાસ યોજના અને લાભાર્થીઓ

અનુસૂચિત જનજાતિના જે લોકો ગરીબીની રેખા નીચે જીવન જીવે છે તેમને આરોગ્યપ્રદ અને સ્થાયી વસવાટ કરીને રહી શકે તે માટે સરકારશ્રીએ ૧૦૦ ટકા સહાયથી ઈંદિરા આવાસ યોજના અમલમાં મૂકી છે. આ યોજનાનો લાભ લેનાર લાભાર્થીઓની ક્ષેત્રકાર્ય દરમિયાન રૂબરૂ મુલાકાત લઈને માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

અભ્યાસમાં દાહોદ, ખેડબ્રહ્મા, છોટાઉદેપુર અને વાંસદા પ્રાયોજના વિસ્તારોને પસંદ કર્યા હતા. આ પ્રાયોજના વિસ્તારોમાં કઈ જાતિના લાભાર્થીઓ હતા તે વિગતો નીચે કોઠા નં.૩:૧ પરથી જાણવા મળે છે.

કોઠા નં.૩:૧

લાભાર્થીઓની જાતિ

| ક્રમ | પ્રાયોજના | ભીલ | પટેલિયા | રાઠવા | કોલચા | કોંકણા | હળપતિ | ચૌધરી | કોળીપટેલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | દાહોદ | ૨૬ | ૦૬ | ૦૩ | - | - | - | - | - | ૩૫ |
| ૨. | ખેડબ્રહ્મા | ૩૦ | - | - | - | - | - | - | - | ૩૦ |
| ૩. | છોટાઉદેપુર | - | - | ૦૪ | - | - | - | - | - | ૦૪ |
| ૪. | વાંસદા | - | - | - | ૦૫ | ૨૬ | ૦૩ | ૦૬ | ૦૧ | ૩૧ |
| | કુલ | ૫૬ | ૦૬ | ૦૭ | ૦૫ | ૨૬ | ૦૩ | ૦૬ | ૦૧ | ૧૦૦ |

કોઠા પરથી જોઈ શકાય છે કે ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓમાં ભીલ જાતિના ૫૬ (૫૬ ટકા), પટેલિયા જાતિના ૬ (૬ ટકા), રાઠવા જાતિના ૭ (૭ ટકા), કોલચા જાતિના ૫ (૫ ટકા), કોંકણા જાતિના ૨૬ (૨૬ ટકા), હળપતિ જાતિના ૩ (૩ ટકા), ચૌધરી જાતિના ૬ (૬ ટકા) તેમજ બક્ષીપંચમાં ગણાતી કોળી પટેલ જાતિના ૧ (૧ ટકા) લાભાર્થી છે. સૌથી વધારે લાભાર્થીઓ ભીલ જાતિના છે. બીજા નંબરે કોંકણા છે. જ્યારે સૌથી ઓછું પ્રમાણ હળપતિઓનું જણાય છે.

પ્રાયોજના વિસ્તારની દ્રષ્ટિએ જોઈએ તો દાહોદ પ્રાયોજના વિસ્તારના સૌથી વધારે લાભાર્થીઓ એટલે કે ૩૫ છે. ત્યારપછી વાંસદા પ્રાયોજના વિસ્તારના ૩૧ લાભાર્થીઓ છે.

ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના ૩૦ તેમજ છોટા ઉદેપુર પ્રાયોજનાના સૌથી ઓછા એટલે કે માત્ર ૪ લાભાર્થીઓ હતા.

એકંદરે જણાય છે કે મુખ્યત્વે આગળ પડતી જાતિઓએ આ યોજનાનો લાભ લીધો છે. કોલચા અને હળપતિ જેવી પછાત જાતિઓએ બહુ ઓછા પ્રમાણમાં (૫ ટકા અને ૩ ટકા) લાભ લીધેલ છે.

**લાભાર્થીઓ ગામમાં ક્યારથી રહે છે ? :**

ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓ ગામમાં ક્યારથી રહે છે તેની તપાસ કરતાં જાણવા મળ્યું કે બધા જ લાભાર્થીઓ ગામમાં જન્મથી જ રહે છે. તેમજ બધા જ લાભાર્થીઓ પાકું મકાન ધરાવે છે.

મકાનના ક્ષેત્રફળ અંગે કોઠા ૩:૨ મુજબ માહિતી જાણવા મળી.

**કોઠા નં.૩:૨**

**મકાનનું ક્ષેત્રફળ**

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | યોજના પ્રમાણે ૧૨X૧૮ | યોજનાથી વધારે | કુલ | મકાનનું ક્ષેત્રફળ (યોજનાથી વધારે અંતર) | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧૨X૨૦ | ૧૫X૨૦ | ૧૫X૨૫ | ૨૦X૨૫ | ૨૦X૩૦ | કુલ |
| ૧. | દાહોદ | ૧૦ | ૨૫ | ૩૫ | ૦૨ | ૦૭ | ૦૫ | ૦૬ | ૦૫ | ૩૫ |
| ૨. | ખેડબ્રહ્મા | ૦૧ | ૨૯ | ૩૦ | ૦૧ | ૧૦ | ૦૧ | ૧૬ | ૦૧ | ૩૦ |
| ૩. | છોટાઉદેપુર | ૦૪ | - | ૦૪ | - | - | - | - | - | ૦૪ |
| ૪. | વાંસદા | ૩૧ | - | ૩૧ | - | - | - | - | - | ૩૧ |
| ૫. | કુલ | ૪૬ | ૫૪ | ૧૦૦ | ૦૩ | ૧૭ | ૦૬ | ૨૨ | ૦૬ | ૧૦૦ |

પ્રસ્તુત કોઠા પરથી જોઈ શકાય છે કે દાહોદ પ્રાયોજના વિસ્તારમાં દશ (૧૦ ટકા) લાભાર્થીઓએ યોજના મુજબ ક્ષેત્રફળ રાખ્યું છે. ખેડબ્રહ્મામાં એક (૧ ટકા) લાભાર્થીએ, છોટાઉદેપુરમાં ચાર (૪ ટકા) લાભાર્થીઓએ તેમજ વાંસદા પ્રાયોજના વિસ્તારમાં એકત્રીસ (૩૧ ટકા) લાભાર્થીઓએ યોજના પ્રમાણે એટલે કે ૧૨X૧૮નું ક્ષેત્રફળ રાખેલ છે. જયારે દાહોદમાં પચ્ચીસ (૨૫ ટકા) લાભાર્થીઓએ તેમજ ખેડબ્રહ્મામાં ઓગણત્રીસ (૨૯ ટકા) લાભાર્થીઓએ યોજનાથી વધારે ક્ષેત્રફળ રાખ્યું છે. આમ કુલ છેંતાંલીસ (૪૬ ટકા)

લાભાર્થીઓએ યોજના મુજબ અને ચોપન (૫૪ ટકા) લાભાર્થીઓએ યોજનાથી વધારે ક્ષેત્રફળ રાખેલ છે.

**લાભાર્થીઓના મકાનમાં ઓરડાની સંખ્યા દિવાલનો પ્રકાર અને છાપરાનો પ્રકાર :**

આમ તો આદિવાસીઓ કાચા મકાન એટલે કે ઝૂંપડામાં રહેતા હોય છે. પરંતુ ઈંદિરા આવાસ યોજનાના બધા જ લાભાર્થીઓ આગળ જોયું તે મુજબ પાકા મકાનમાં રહે છે. પહેલા કરતાં પરિસ્થિતિ સુધરી છે તે સ્પષ્ટ જણાય છે. તેમના મકાનમાં ઓરડાની સંખ્યા, દિવાલનો પ્રકાર અને છાપરાનો પ્રકાર અંગે તપાસ કરતાં નીચેના કોઠા નં.૩ઃ૩ મુજબ માહિતી મળી છે.

કોઠા નં. ૩:૩
ઓરડાની સંખ્યા, દીવાલ, છાપરું

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | ઓરડાની સંખ્યા | | | | દિવાલનો પ્રકાર | | | | | છાપરાનો પ્રકાર | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એક | બે | બેથી વધુ | કુલ | વાંસ | ઈંટ | પથ્થર | ઈંટ-પથ્થર | કુલ | ઘાસ | દેશી નળિયા | વિલાયતી નળિયા | પતરા | ધાબુ | કુલ |
| ૧. | દાહોદ | ૦૮ | ૨૫ | ૦૨ | ૩૫ | - | ૧૪ | ૧૪ | ૦૭ | ૩૫ | - | - | ૩૪ | - | ૦૧ | ૩૫ |
| ૨. | ખેડબ્રહ્મા | ૦૮ | ૨૨ | - | ૩૦ | - | ૧૭ | ૧૦ | ૦૩ | ૩૦ | - | - | ૩૦ | - | - | ૩૦ |
| ૩. | છોટાઉદેપુર | ૦૧ | ૦૩ | - | ૦૪ | - | ૦૩ | - | ૦૧ | ૦૪ | - | - | ૦૩ | ૦૧ | - | ૦૪ |
| ૪. | વાંસદા | ૩૧ | - | - | ૩૧ | - | ૩૧ | - | - | ૩૧ | - | - | ૩૧ | - | - | ૩૧ |
| | કુલ | ૪૮ | ૫૦ | ૦૨ | ૧૦૦ | - | ૬૫ | ૨૪ | ૧૧ | ૧૦૦ | - | - | ૯૮ | ૦૧ | ૦૧ | ૧૦૦ |

આ કોઠા પરથી જણાય છે કે લાભાર્થીઓ મોટેભાગે એક થી બે ઓરડા ધરાવે છે. તેમના મકાનમાં મોટેભાગે (૫૦ ટકા) બે ઓરડા જોવા મળ્યા હતા. જ્યારે ૪૮ ટકા જેટલા લાભાર્થીઓના મકાનમાં એક જ ઓરડાઓ, માત્ર ૨ ટકા લાભાર્થીઓના મકાનમાં બે થી વધારે ઓરડા હતા. દાહોદ પ્રાયોજના વિસ્તારમાં આઠ (૮ ટકા) લાભાર્થીઓના મકાન ઓરડાની સંખ્યા હતી. પચ્ચીસ (૨૫ ટકા) લાભાર્થીઓના મકાનમાં બે ઓરડા હતા, જયારે બે થી વધુ કોઈને ન હતા. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં આઠ (૮ ટકા) લાભાર્થીઓના મકાનમાં એક ઓરડો હતો. બાવીસ (૨૨ ટકા) લાભાર્થીઓના મકાનમાં બે ઓરડા હતા. છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં એક લાભાર્થીના મકાનમાં એક ઓરડો હતો. ત્રણ (૩ ટકા) લાભાર્થીઓના મકાનમાં બે ઓરડા હતા. વાંસદા પ્રાયોજના વિસ્તારમાં બધા જ એટલે કે એકત્રીસ (૩૧ ટકા) લાભાર્થીઓના મકાનમાં એક જ ઓરડો હતો. કોઈના મકાનમાં બે ઓરડા જોવા મળ્યા નથી. એ જ રીતે દાહોદ સિવાય કોઈ પ્રાયોજના વિસ્તારમાં કોઈ લાભાર્થીનું બે થી વધુ ઓરડાવાળુ મકાન હતું નહિ. મકાનની દિવાલના પ્રકાર અંગે તપાસ કરતાં જાણવા મળ્યું કે મોટાભાગના એટલે કે પાંસઠ (૬૫ ટકા) લાભાર્થીઓના મકાનમાં ઈંટોની દિવાલ હતી. ઘાસનો ઉપયોગ થયેલો નથી, ચોવીસ (૨૪ ટકા) લાભાર્થીઓના મકાનમાં પથ્થર દિવાલો હતી. અગીયાર (૧૧ ટકા) લાભાર્થીઓના મકાનમાં ઈંટ અને પથ્થરની દિવાલ બનાવેલી હતી.

ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓના મકાનના છાપરા અંગે ક્ષેત્રકાર્ય દરમિયાન એમ જાણવા મળ્યું કે અઠ્ઠાણું (૯૮ ટકા) લાભાર્થીઓના મકાનના છાપરા વિલાયતી નળિયાના હતા. ઘાસ કે દેશી નળિયાના છાપરા હતા નહિ. એક લાભાર્થીના મકાનમાં પતરાનું છાપરૂં હતું તેમજ બીજા એક લાભાર્થીના મકાનમાં ઉપર ધાબુ હતું. આ રીતે મુખ્યતવે તેમના મકાનમાં વિલાયતી નળિયાના છાપરા હતા.

આ પરથી યોજનાનું પરિણામ સ્પષ્ટ જણાઈ આવે છે કે હવે આદિવાસીઓના મકાન દ્વારા ઘાસ-પાંદડાના ન રહેતા, ઈંટ, પથ્થર જેવી વસ્તુ વાપરીને પાકાં અને મજબૂત બની રહ્યા છે. જેથી તેમાં તેઓ સ્થિર અને નિશ્ચિત રીતે વસવાટ કરી રહી શકે છે. અહી ઈંદિરા આવાસની યોજનાનો લાભ તેમને સારો થયેલો જણાય છે. સરકારની આ યોજના સફળ થઈ રહેલી જણાય છે.

**લાભાર્થીઓના મકાન કોની જમીનમાં છે? અને પશુઓ રાખવાની વ્યવસ્થા શી છે?**

સામાન્ય રીતે વર્ષોથી આદિવાસીઓ કુદરતને ખોળે જીવન જીવતાં આવ્યા છે. દરેક પાસે ઓછાવધતા પ્રમાણમાં જમીન હોય છે. વેપારી અને શેઠ શાહુકારોના શોષણને લીધે કેટલાકની જમીન ગીરવે મૂકેલી અને જતી રહેલી. જમીન ધારા હેઠળ કેટલાકને પાછી મળી તો કેટલાકને નથી પણ મળી. આ અંગે તપાસ કરતાં કોઠા ૩:૪માં બતાવ્યા મુજબ માહિતી મળી હતી. આદિવાસી પોતાના સાથેજ પોતાના પશુઓને પણ રાખે છે. તેમના મકાનમાં પશુઓ માટે શું વ્યવસ્થા છે તે માહિતી નીચેના કોઠામાં આપેલી છે.

કોઠા નં.૩:૪

કોની જમીન તથા પશુની વ્યવસ્થા

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | મકાન કોની જમીનમાં છે | | | પશુ રાખવાની વ્યવસ્થા | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પોતાની | સરકારી | કુલ | સાથે | છાપરું | ખુલ્લામાં ઝાડની નીચે | કુલ |
| ૧ | દાહોદ | ૩૫ | - | ૩૫ | ૨૪ | ૦૮ | ૦૩ | ૩૫ |
| ૨. | ખેડબ્રહ્મા | ૩૦ | - | ૩૦ | ૧૧ | ૧૩ | ૦૬ | ૩૦ |
| ૩. | છોટાઉદેપુર | ૦૪ | - | ૦૪ | - | - | ૦૪ | ૦૪ |
| ૪. | વાંસદા | - | ૩૧ | ૩૧ | - | ૨૩ | ૦૮ | ૩૧ |
| ૫. | કુલ | ૬૯ | ૩૧ | ૧૦૦ | ૩૫ | ૪૪ | ૨૧ | ૧૦૦ |

આ કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ઓગણોસીત્તેર લાભાર્થીઓ (૬૯ ટકા) એ પોતાની જ જમીનમાં મકાન બનાવેલ છે. એકત્રીસ (૩૧ ટકા) લાભાર્થીઓએ સરકારી જમીન પર મકાન બનાવેલ છે, પશુ રાખવાની વ્યવસ્થા શી છે તે તપાસતાં જાણવા મળ્યુ કે પાંત્રીસ (૩૫ ટકા) લાભાર્થીઓ પોતાની ઘર સાથે જ પશુઓને રાખવાની વ્યવસ્થા કરેલી હતી. ચુમ્માલીસ (૪૪ ટકા) લાભાર્થીઓના મકાનમાં છાપરા નીચે પશુઓને રાખવાની વ્યવસ્થા હતી. જયારે એકવીસ (૨૧ ટકા) લાભાર્થીઓના મકાનમાં ખુલ્લામાં ઝાડ નીચે પશુઓને રાખવાની વ્યવસ્થા હતી. આમ, એકંદરે મોટાભાગના (૪૪ ટકા) લાભાર્થીઓ પોતાની સાથે પશુઓને હવે રાખતા નથી. પણ અલગ છાપરામાં રાખતા થયા છે. જે આરોગ્ય અને સ્વચ્છતા તેમજ વ્યવસ્થાની દ્રષ્ટિએ યોગ્ય છે. જયારે ૩૫ ટકા લાભાર્થીઓ હજુ પણ પરંપરા મુજબ પોતાની સાથે જ પશુઓને રાખે છે તેવું જોવા મળ્યું હતું.

જમીનની બાબતમાં પણ ૬૯ ટકા એટલે કે મોટાભાગનાને પોતાની જ જમીનમાં મકાન હતા, જયારે ૩૧ ટકા લાભાર્થીઓના મકાનો સરકારી જમીનમાં હતા..

**લાભાર્થીઓના રહેવા લાયક મકાન અને તેની કિંમત :**

ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓના મકાનો રહેવા લાયક છે કે કેમ એ અંગે તપાસ કરતાં બધા જ લાભાર્થીઓના મકાનો રહેવા લાયક જણાયા હતા. મકાનની કિંમત અંગે પણ માહિતી મેળવી હતી. દરેકે પોતપોતાની સગવડ મુજબ અલગ અલગ પ્રકારના મકાનો બનાવેલ હોવાથી તેમની કિંમત પણ અલગ અલગ જાણવા મળી. તેની વિગતો નીચેના કોઠા ૩:૫ પરથી જોઈ શકાય છે.

કોઠા નં.૩:૫

રહેવાલાયક મકાનની કિંમત

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | મકાનની સંખ્યા | મકાનની કિંમત | સરેરાશ કિંમત |
|---|---|---|---|---|
| ૧. | દાહોદ | ૩૫ | ૧૦,૧૦,૦૦૦ | ૨૮,૮૫૭ |
| ૨. | ખેડબ્રહ્મા | ૩૦ | ૬,૪૯,૦૦૦ | ૨૧,૬૩૩ |
| ૩. | છોટાઉદેપુર | ૦૪ | ૧,૨૦,૦૦૦ | ૩૦,૦૦૦ |
| ૪. | વાંસદા | ૩૧ | ૩,૩૭,૦૦૦ | ૧૦,૮૭૧ |
| ૫. | **કુલ** | **૧૦૦** | **૨૧,૧૬,૦૦૦** | **૨૧,૧૬૦** |

કોઠા પરથી જોઈ શકાય છે કે બધા લાભાર્થીઓ સારું અને કિંમતી મકાન ધરાવે છે. પરંતુ ક્ષેત્રકાર્ય દરમિયાન જોયું, મકાન ઘણું સુંદર બનાવ્યું હોય પણ સાંસ્કૃતિક રીતે અમુક રીતે જીવન જીવવા ટેવાયેલા હોવાથી કેટલીક બાબતોમાં ફેરફાર થતો નથી. દા.ત. સંડાસ તેમજ બાથરૂમ મકાનમાં હોવા છતાં તેનો ઉપયોગ બહુ ઓછો અથવા તો બિલકુલ કરતા નથી. કારણ તે રીતે ટેવાયેલા ન હોવાથી તેમને એ ફાવતુ નથી. રસોડામાં પણ સરસ સગવડ હોવા છતાં કેટલાક બહાર ચૂલો બનાવીને તેના પર જ રોટલા વિગેરે બનાવતા હોય છે. કારણ ગેસની સગડી પર તેમના રોટલા બરાબર થાય પણ નહિ એમ તેઓનું કહેવું છે. વળી આવા મકાનોમાં ગરમી પણ વધારે લાગે છે. માટીના પરંપરાગત ઘરમાં તેમને ગરમી ઓછી લાગતી. જો કે પાકાં મકાનમાં તેઓ ગમે તેટલો વરસાદ કે આંધીતોફાન આવે તો નિશ્ચિતતાથી રહી શકે છે એમ પણ તેઓએ જણાવેલું. ટૂંકમાં ગરીબી રેખા નીચે જીવતા અનુસૂચિત જનજાતિના લોકોને ઈંદિરા આવાસ યોજનાને લીધે આવા પાકાં મકાનમાં રહેવાની વ્યવસ્થા થઈ શકવાથી લાભ જ થયો છે. તેનો તેમને સંતોષ પણ છે.

કોઠામાં જોઈ શકાય છે કે દાહોદના પાંત્રીસ લાભાર્થીઓ (૩૫ ટકા) ના મકાનની કિંમત રૂા. ૧૦,૧૦,૦૦૦ થાય છે. ખેડબ્રહ્માના ત્રીસ લાભાર્થીઓ (૩૦ ટકા) ના મકાનની કિંમત રૂા. ૬,૪૯,૦૦૦ થાય છે. છોટાઉદેપુરના ચાર લાભાર્થીઓ (૪ ટકા) ના મકાનની કિંમત રૂા.૧,૨૦,૦૦૦ થાય છે. જ્યારે વાંસદાના એકત્રીસ કુટુંબના (૩૧ ટકા) ના મકાનની કિંમત રૂા. ૩,૩૭,૦૦૦ થાય છે. આમ એકંદરે દરેક લાભાર્થીના મકાન જ સરેરાશ કિંમત ૨૧,૧૬૦ થાય છે.

**લાભાર્થીઓની ખેતીની જમીન :**

ઈંદિરા આવાસ યોજનાના દરેક લાભાર્થીઓ પાસે ખેતીની જમીન નથી, છોંતેર (૭૬ ટકા) લાભાર્થીઓ પાસે ખેતીની જમીન છે, બિલકુલ ખેતીની જમીન ન હોય તેવા ચોવીસ (૨૪ ટકા) લાભાર્થીઓ છે. આદિવાસીઓનું જીવન જમીનની આસપાસ ગુંથાયેલું હોય છે. આજીવિકાનો મુખ્ય આધાર જમીન એટલે કે ખેતી પર હોય છે. એટલે જમીનનું તેમના જીવનમાં ઘણું મહત્વ છે. પોતાની માલિકીની જમીન ન હોય તો તેણે બીજાની જમીન પર મજૂરી કરી ઓશિયાળું જીવન જીવવું પડે છે. જો કેપોતાની જમીન પર પણ તેમણે ઘણી મહેનત મજુરી તો કરવી જ પડે છે ત્યારે પોતાનો જીવનનિર્વાહ કરી શકે છે. છતાં પોતાની થોડીઘણી જમીન હોય તો જીવન ટકાવી રાખવામાં ઘણી રાહત રહે છે. ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓના પાસે ખેતીની જમીન કેટલી છે દર્શાવતી વિગતો નીચેના કોઠા ૩:૬ મુજબ છે.

કોઠા નં.૩:૬

ખેતીની જમીન

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | જમીન છે | | | કુલ જમીન(એકરમાં) |
|---|---|---|---|---|---|
| | | હા | ના | કુલ | એકર ગુંઠા |
| ૧. | દાહોદ | ૩૫ | - | ૩૫ | ૭૨.૩૦ |
| ૨. | ખેડબ્રહ્મા | ૩૦ | - | ૩૦ | ૪૯.૨૦ |
| ૩. | છોટાઉદેપુર | ૦૪ | - | ૦૪ | ૦૯.૦૦ |
| ૪. | વાંસદા | ૭ | ૨૪ | ૩૧ | ૧૨.૦૦ |
| ૫. | કુલ | ૭૬ | ૨૪ | ૧૦૦ | ૧૪૩.૧૦ |

પ્રસ્તુત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે દરેક લાભાર્થી પાસે ખેતીની જમીન નથી. દાહોદ પ્રાયોજના વિસ્તારમાં પાંત્રીસ લાભાર્થી (૩૫ ટકા) ઓની કુલ ખેતીની જમીન બોંતેર એકર ત્રીસ ગુંઠા છે. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના ત્રીસ લાભાર્થી (૩૦ ટકા) ઓની ખેતીની કુલ જમીન ઓગણ પચાસ એકર અને વીસ ગુંઠા છે. છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારના ચાર લાભાર્થી (૪ ટકા) ઓની ખેતીની જમીન નવ એકર છે અને વાંસદા પ્રાયોજના વિસ્તારના સાત લાભાર્થીઓ (૭ ટકા) ની ખેતીની જમીન બાર એકર છે. જયારે ચોવીસ (૨૪ ટકા) લાભાર્થીઓ પાસે ખેતીની જમીન નથી.

**લાભાર્થીઓના કુટુંબના સભ્યોની ઉંમર અને સ્ત્રી-પુરુષનું પ્રમાણ :**

ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓની કૌટુંબિક માહિતી એકત્રિત કરેલી અને તેમના કુટુંબના કેટલા સભ્યો છે, તેમની વય અને તેમાં સ્ત્રી-પુરુષોનું પ્રમાણ કેટલું છે તેની વિગતો નીચેના કોઠા નં.૩:૭ પરથી જાણી શકાય છે.

કોઠા નં. ૩ઃ૭
સભ્યોની ઉંમર તથા સ્ત્રી-પુરુષ પ્રમાણ

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | ૦ થી ૧૪ વર્ષ | | ૧૫ થી ૩૫ વર્ષ | | ૩૬ થી ૫૦ વર્ષ | | ૫૧ થી વધુ | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | દાહોદ | ૩૮ | ૩૪ | ૩૯ | ૩૩ | ૧૪ | ૧૦ | ૦૧ | - | ૯૨ | ૭૭ | ૧૬૯ |
| ૨. | ખેડબ્રહ્મા | ૩૯ | ૩૧ | ૩૪ | ૩૩ | ૦૭ | ૦૨ | - | - | ૮૦ | ૬૬ | ૧૪૬ |
| ૩. | છોટાઉદેપુર | ૦૭ | ૦૬ | ૦૪ | ૦૪ | ૦૧ | ૦૧ | - | - | ૧૨ | ૧૧ | ૨૩ |
| ૪. | વાંસદા | ૨૨ | ૧૫ | ૨૭ | ૨૮ | ૧૦ | ૧૨ | ૦૬ | ૦૮ | ૬૫ | ૬૩ | ૧૨૮ |
| | કુલ | ૧૦૬ | ૮૬ | ૧૦૪ | ૯૮ | ૩૨ | ૨૫ | ૦૭ | ૦૮ | ૨૪૯ | ૨૧૭ | ૪૬૬ |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓના કુટુંબમાં જુદી જુદી વય જુથના સભ્યો હતા. દાહોદ પ્રાયોજના વિસ્તારમાં જીરોથી ચૌદ વર્ષની વયજૂથના આડત્રીસ પુરુષ સભ્યો અને ચોત્રીસ સ્ત્રી સભ્યો હતા. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં લાભાર્થીઓના કુટુંબમાં જીરોથી ચૌદ વર્ષની વયના ઓગણચાલીસ પુરુષ સભ્યો અને એકત્રીસ સ્ત્રી સભ્યો હતા. છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં લાભાર્થીઓના કુટુંબમાં જીરોથી ચૌદ વર્ષની વયજૂથના સાત પુરુષ સભ્યો અને છ સ્ત્રી સભ્યો હતા. વાંસદા પ્રાયોજના વિસ્તારમાં લાભાર્થીઓના કુટુંબમાં જીરોથી ચૌદ વર્ષના બાવીસ પુરુષ સભ્યો અને પંદર સ્ત્રી સભ્યો હતા. જયારે પંદરથી પાંત્રીસ વર્ષની વયજૂથના દાહોદ પ્રાયોજના વિસ્તારમાં ઓગણચાલીસ પુરુષ સભ્યો અને તેત્રીસ સ્ત્રી સભ્યો હતા. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં આ વયજૂથના ચોંત્રીસ પુરુષ સભ્યો અને તેંત્રીસ સ્ત્રી સભ્યો હતા. છોટાઉદેપુર પ્રાયોજનામાં આ વયજૂથના ચાર પુરુષ સભ્યો અને ચાર સ્ત્રી સભ્યો હતા. વાંસદામાં પણ એ જ વયજૂથના સત્તાવીસ પુરુષ સભ્યો અને અઠયાવીસ સ્ત્રી સભ્યો હતા.

૩૬ થી ૫૦ વર્ષની વયજૂથમાં દાહોદ પ્રાયોજના વિસ્તારમાં ચૌદ પુરુષ સભ્યો તેમજ દસ મહિલા સભ્યો હતી. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં આ વયજૂથના સાત પુરુષ સભ્યો તથા બે સ્ત્રી સભ્યો હતા. છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં આ વયજૂથના એક પુરુષ સભ્ય તેમજ એક સ્ત્રી સભ્ય હતા. વાંસદા પ્રાયોજના વિસ્તારમાં દસ પુરુષ સભ્યો તેમજ બાર સ્ત્રી સભ્યો હતા. એકાવન થી વધુ ઉંમરના વયજૂથમાં દાહોદ પ્રાયોજના વિસ્તારમાં એક પુરુષ સભ્ય હતા અને વાંસદા પ્રાયોજના વિસ્તારમાં આ વયજૂથ છ પુરુષ તથા આઠ સ્ત્રી સભ્યો હતા. આના પરથી ખ્યાલ આવશે કે તેઓની આયુષ્ય મર્યાદા કેટલી ઓછી છે. આમ એકંદરે ઝીરોથી ચૌદ વર્ષની ઉંમરના પુરુષ સભ્યોનું પ્રમાણ સ્ત્રી સભ્યો કરતાં સૌથી વધારે છે. જયારે એકાવનથી વધુ ઉંમરના વયજૂથમાં સ્ત્રી સભ્યોનું પ્રમાણ પુરુષ સભ્યો કરતાં વધુ છે.

સ્ત્રી-પુરુષના પ્રમાણમાં લગભગ સમાનતા જોવા મળે છે. બહુ મોટો તફાવત નથી. કુલ ચારસો અને છાસઠ સભ્યોમાંથી બસો અને ઓગણ પચાસ પુરુષ (૫૩.૪૩ ટકા) છે. અને બસો અને સત્તર સ્ત્રીઓ (૪૬.૫૦ ટકા) છે. બિન આદિવાસી સમાજના કેટલાક જેવાંકે છોકરીને દૂધપીતી કરવાનો કે સોનોગ્રાફીમાં સ્ત્રીબાળક હોય તો એબોશન કરાવવાના કુરિવાજ છે, જે આદિવાસી સમાજમાં નથી. તેને કારણે કદાચ આ સમાજમાં સ્ત્રી-પુરુષના પ્રમાણમાં સમતોલપણું જળવાઈ રહ્યું હોય તેમ જણાય છે. કારણ આજે બિનઆદિવાસી

સમાજમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘટી રહ્યું છે. સમાજશાસ્ત્રીઓ તેમજ માનવશાસ્ત્રીઓ માટે આજે આ એક ચિંતાનો વિષય બન્યો છે. જયારે આદિવાસી સમાજમાં સ્ત્રી-પુરુષના પ્રમાણમાં બહુ મોટો તફાવત નથી.

**લાભાર્થીઓનું શિક્ષણ :**

કોઈપણ વ્યક્તિના વિકાસ માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે. દરેક સમાજમાં, પછી તે આદિવાસી સમાજ હોય કે બિનઆદિવાસી સમાજ હોય, શિક્ષણ એ વિકાસ માટેનું એક મહત્વનું પરિબળ છે. આજે આઝાદીના ૫૦ વર્ષ પછી પણ આદિવાસીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ વધારે છે. ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે આદિવાસીઓમાં કુલ શિક્ષણનું પ્રમાણ ૩૬.૪૫ ટકા છે. પુરુષોમાં ૪૮.૨૪ ટકા તેમજ સ્ત્રીઓમાં ૨૪.૨૯ ટકા જ છે. આ પરથી ખ્યાલ આવે છે કે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે.

ઈંદિરા આવાસ યોજનાના પસંદ કરેલ લાભાર્થીઓના શિક્ષણ અંગેની માહિતી નીચેના કોઠા ૩:૮ પરથી જાણી શકાય છે.

### કોઠા નં. ૩:૮
### શિક્ષણ

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | અભણ | | પ્રાથમિક | | માધ્યમિક | | સ્નાતક | | ટેકનીકલ | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | દાહોદ | ૪૦ | ૫૨ | ૨૫ | ૨૦ | ૨૬ | ૦૫ | ૦૧ | - | - | - | ૯૨ | ૭૭ | ૧૬૯ |
| ૨. | ખેડબ્રહ્મા | ૧૬ | ૩૯ | ૨૨ | ૧૮ | ૪૧ | ૦૯ | - | - | ૦૧ | - | ૮૦ | ૬૬ | ૧૪૬ |
| ૩. | છોટાઉદેપુર | ૦૩ | ૦૬ | ૦૬ | ૦૫ | ૦૩ | - | - | - | - | - | ૧૨ | ૧૧ | ૨૩ |
| ૪. | વાંસદા | ૪૦ | ૪૪ | ૧૯ | ૧૬ | ૦૫ | ૦૩ | ૦૧ | - | - | - | ૬૫ | ૬૩ | ૧૨૮ |
| | કુલ | ૯૯ | ૧૪૧ | ૭૨ | ૫૯ | ૭૫ | ૧૭ | ૦૨ | - | ૦૧ | - | ૨૪૯ | ૨૧૭ | ૪૬૬ |

કોઠા પરથી ખ્યાલ આવે છે કે કુલ ૪૬૬માંથી ૯૯ પુરુષો અને ૧૪૧ સ્ત્રીઓ એટલે કુલ ૨૪૦ (લગભગ ૫૦ ટકા) જેટલા લોકો અભણ છે. પ્રાથમિક શિક્ષણમાં પણ પુરુષો કરતાં સ્ત્રીનું પ્રમાણ ઘણું ઓછું છે. પ્રાથમિક શિક્ષણમાં દાહોદ પ્રાયોજના વિસ્તારમાં પચ્ચીસ પુરુષો અને વીસ સ્ત્રીઓ છે. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં બાવીસ પુરુષો અને અઢાર સ્ત્રીઓ છે. છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં છ પુરુષો તથા પાંચ સ્ત્રીઓ છે. વાંસદા પ્રાયોજના વિસ્તારમાં ઓગણીસ પુરુષો તેમજ સોળ સ્ત્રીઓએ પ્રાથમિક શિક્ષણ લીધું હતું. જ્યારે માધ્યમિક શિક્ષણમાં દાહોદ પ્રાયોજના વિસ્તારમાં છવ્વીસ પુરુષો અને પાંચ સ્ત્રીઓ, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં એકતાલીસ પુરુષો અને નવ સ્ત્રીઓ, છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં ત્રણ પુરુષો છે અને એક પણ સ્ત્રી નથી, વાંસદા પ્રાયોજના વિસ્તારમાં પાંચ પુરુષો તેમજ ત્રણ સ્ત્રીઓ માધ્યમિક શિક્ષણ સુધી પહોંચેલા હતા. સ્નાતક કક્ષાના શિક્ષણમાં બે પુરુષ વ્યક્તિઓ એક દાહોદ અને એક વાંસદા પ્રાયોજના વિસ્તારની હતી, ટેકનીકલ શિક્ષણમાં પણ માત્ર એકજ પુરુષ વ્યક્તિ ખેડબ્રહ્મા વિસ્તારની હતી. સ્ત્રીઓમાંથી કોઈએ સ્નાતક કે ટેકનીકલ શિક્ષણ લીધેલુ નથી. આમ, હજુ આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું જણાય છે.

**લાભાર્થીઓનોવૈવાહિક દરજ્જો :**

ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થી કુટુંબોના સભ્યોના વૈવાહિક દરજ્જા અંગે નીચેના કોઠા ૩:૯ મુજબ માહિતી મળી હતી.

**કોઠા નં.૩:૯**

**વૈવાહિક દરજ્જો**

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | પરિણિત | | અપરિણિત | | વિધુર | વિધવા | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | પુ. | સ્ત્રી | કુલ |
| ૧. | દાહોદ | ૩૭ | ૩૭ | ૫૪ | ૪૦ | ૦૧ | - | ૯૨ | ૭૭ | ૧૬૯ |
| ૨. | ખેડબ્રહ્મા | ૨૭ | ૨૭ | ૫૩ | ૩૯ | - | - | ૮૦ | ૬૬ | ૧૪૬ |
| ૩. | છોટાઉદેપુર | ૦૫ | ૦૫ | ૦૭ | ૦૬ | - | - | ૧૨ | ૧૧ | ૨૩ |
| ૪. | વાંસદા | ૩૫ | ૩૫ | ૨૯ | ૨૨ | ૦૧ | ૦૬ | ૬૫ | ૬૩ | ૧૨૮ |
| | કુલ | ૧૦૪ | ૧૦૪ | ૧૪૩ | ૧૦૭ | ૦૨ | ૦૬ | ૨૪૯ | ૨૧૭ | ૪૬૬ |

પ્રસ્તુત કોઠા પરથી જોઈ શકાય છે કે ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓના કુટુંબોમાં દાહોદ પ્રાયોજના વિસ્તારમાં પરિણિત પુરુષોની સંખ્યા ૩૭ અને સ્ત્રીઓની સંખ્યા ૩૭ હતી, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં પરિણિત પુરુષોની સંખ્યા ૨૭ અને પરિણિત સ્ત્રીઓની સંખ્યા ૨૭ હતી. છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં પરિણિત પુરુષોની સંખ્યા પાંચ તેમજ પરિણિત સ્ત્રીઓની સંખ્યા પાંચ હતી. વાંસદા પ્રાયોજના વિસ્તારમાં પરિણિત પુરુષોની સંખ્યા પાંત્રીસ તેમજ પરિણિત સ્ત્રીઓની સંખ્યા પાંત્રીસ હતી.

એજ રીતે દાહોદ પ્રાયોજના વિસ્તારમાં અપરિણિત પુરુષોની સંખ્યા ચોપન હતી અને અપરિણિત સ્ત્રીઓની સંખ્યા ચાલીસ હતી. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં અપરિણિત પુરુષોની સંખ્યા ત્રેપન તેમજ અપરિણિત સ્ત્રીઓની સંખયા ઓગણ ચાલીસ હતી. છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં અપરિણિત પુરુષોની સંખયા સાત તેમજ અપરિણિત સ્ત્રીઓની સંખ્યા છ હતી. વાંસદા પ્રાયોજના વિસ્તારમાં અપરિણિત પુરુષોની સંખ્યા ઓગણત્રીસ તેમજ અપરિણિત સ્ત્રીઓની સંખ્યા બાવીસ હતી. આમ એકંદરે પરિણિત સ્ત્રી-પુરુષો (૧૦૪ + ૧૦૪ = ૨૦૮) કરતાં અપરિણિત સ્ત્રી-પુરુષો (૧૦૭ + ૧૪૩ = ૨૫૦) નું પરમાણ વધારે જણાયું હતું.

આ ઉપરાંત દાહોદ પ્રાયોજના વિસ્તારમાં તેમજ વાંસદા પ્રાયોજના વિસ્તારમાં એક-એક વિધુર એમ કુલ બે વિધુર હતા. જયારે વાંસદા પ્રાયોજના વિસ્તારમાં છ વિધવાઓ હતી. એ રીતે વિધુરો કરતાં વિધવાઓની સંખ્યા વધારે હતી. તે પરથી એવું જણાય છે કે આ સમાજમાં પુનર્લગ્નની છૂટ હોવાથી વિધવાઓ કરતાં વિધુરો પુનર્લગ્ન કરતાં હશે. તેથી તેમનું પ્રમાણ ઓછું હોઈ શકે. વિધવાઓને પણ પુનર્લગ્નની આ સમાજે સ્વતંત્રતા બક્ષી છે પરંતુ મોટેભાગે સ્ત્રી અને ખાસ કરીને બાળકોવાળી સ્ત્રી પુનર્લગ્ન કરવાનું ઓછું પસંદ કરે છે તેમ જણાયું હતું.

**લાભાર્થીઓના કુટુંબના સભ્યોનો વ્યવસાય :**

કોઈપણ સમાજમાં વ્યક્તિએ પોતાનું જીવન ટકાવી રાખવા કોઈને કોઈ આર્થિક પ્રવૃત્તિ કરવી પડે છે. ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓના કુટુંબીજનો જુદી જુદી અનેક પ્રકારની આર્થિક પ્રવૃત્તિ કરતાં જણાયા છે. કુટુંબના સભ્યો શું વ્યવસાય કરે છે તે અંગેની માહિતી નીચેના કોઠા નં.૩:૧૦ પરથી જાણી શકાય છે.

કોઠા નં.૩:૧૦

વ્યવસાય

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | ખેતી | નોકરી | ખેત મજૂરી | જંગલ મજૂરી | ઘરકામ | ધંધો | અભ્યાસ | કામ નહિ-કરનારા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | દાહોદ | ૪૦ | ૦૪ | ૧૧ | ૦૨ | ૩૪ | - | ૪૭ | ૩૧ | ૧૬૯ |
| ૨. | ખેડબ્રહ્મા | ૩૧ | - | ૦૧ | ૦૨ | ૩૦ | - | ૬૩ | ૧૯ | ૧૪૬ |
| ૩. | છોટાઉદેપુર | ૦૪ | - | - | ૦૨ | ૦, | - | ૦૬ | ૦૭ | ૨૩ |
| ૪. | વાંસદા | ૦૭ | ૦૨ | ૧૬ | ૩૫ | ૨૮ | ૦૧ | ૦૨ | ૧૯ | ૧૨૮ |
| | કુલ | ૮૨ | ૦૬ | ૨૮ | ૪૧ | ૦૬ | ૦૧ | ૧૩૬ | ૭૬ | ૪૬૬ |

ઈંદિરા આવાસ યોજનાના કુટુંબીઓના વ્યવસાય અંગેનું ચિત્ર સ્પષ્ટ થાય છે. તેમાં અભ્યાસ કરનારાઓની સૌથી વધુ સંખ્યા છે. ત્યારપછી ઘરકામ કરનારાની સંખ્યા આવે છે. અને તેના પછી ખેતી કરનારા સભ્યોની સંખ્યા બ્યાસી છે. કામ નહિ કરનારની સંખ્યા છોંતેર છે, જંગલ મજૂરી કરનારા એકતાલીસ જેટલા છે, ધંધો કરનાર માત્ર એક જ વ્યક્તિ છે. આ પરથી જણાય છે કે ખેતી તેમનો મુખ્ય વ્યવસાય છે. મોટાભાગના ખેતીનો વ્યવસાય કરે છે.

**લાભાર્થીઓની જુદા જુદા વ્યવસાયમાં આવક :**

આદિવાસીઓની અર્થવ્યવસ્થા તપાસતાં જાણવા મળે છે કે તેઓ સખત મહેનત મજૂરી કરે છે ત્યારે માંડ પેટ પૂરતું મેળવી શકે છે. તેઓ વિકાસની કક્ષામાં ઘણા પાછળ હોવાથી તેમજ ખેતી કરવાની પદ્ધતિ જૂની હોવાથી, સિંચાઈની પૂરતી સગવડ ન હોવાથી વધારે ઉત્પાદન મેળવી શકતા નથી. તેમની અર્થવ્યવસ્થા મોટેભાગે નિભાવલક્ષી (Susistence) હોય છે. જરૂરિયાત પૂરતું જ ઉત્પાદન થતું હોવાથી ખાસ બચત થતી નથી. પરિણામે તેમણે અનિવાર્યપણે પૂરક આવક મેળવવા માટે અન્ય આર્થિક પ્રવૃત્તિઓ કરવી પડે છે. ખેતી ઉપરાંત ખેતમજૂરી, જંગલ મજૂરી, નોકરી-ધંધો વગેરે પણ કરતા હોય છે. ઈંદિરા આવાસ યોજના લાભાર્થીઓ પણ જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલા છે. તેમની જુદા જુદા વ્યવસાયની આવક નીચેના કોઠા નં ૩:૧૧ પરથી જાણી શકાય છે.

**કોઠા નં. ૩:૧૧**
**આવક**

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | પસંદ થયેલ લાભાર્થીઓ | ખેતી પશુપાલન | ખેત મજૂરી | જંગલ મજૂરી | છૂટક મજૂરી | ધંધો | નોકરી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | દાહોદ | ૩૫ | ૧,૯૭,૦૦૦ | ૫૬,૦૦૦ | ૧,૦૦૦ | ૧,૫૦૦ | - | ૩૫,૨૦૦ | ૨,૯૦,૭૦૦ |
| ૨. | ખેડબ્રહ્મા | ૩૦ | ૧,૮૦,૦૦૦ | ૫,૦૦૦ | - | ૧,૨૦૦ | - | - | ૧,૮૬,૨૦૦ |
| ૩. | છોટાઉદેપુર | ૪ | ૪૫,૦૦૦ | - | - | ૧,૦૦૦ | - | - | ૪૬,૦૦૦ |
| ૪. | વાંસદા | ૩૧ | ૩૮,૦૦૦ | ૫૪,૩૦૦ | - | ૧,૧૬,૫૦૦ | ૧૦,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨,૪૨,૮૦૦ |
| | કુલ | ૧૦૦ | ૪,૬૦,૦૦૦ | ૧,૧૫,૩૦૦ | ૧,૦૦૦ | ૧,૨૦,૨૦૦ | ૧૦,૦૦૦ | ૫૯,૨૦૦ | ૭,૬૫,૭૦૦ |

કોઠા પરથી જણાય છે કે લાભાર્થીઓને ખેતીના વ્યવસાયમાં સૌથી વધારે આવક પ્રાપ્ત થાય છે. મોટાભાગના લોકોનો મુખ્ય વ્યવસાય પણ ખેતી જ છે. દાહોદ પ્રાયોજના વિસ્તારના લાભાર્થીઓની ખેતી તથા પશુપાલનની આવક રૂા.૧,૯૭,૦૦૦ હતી. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના લાભાર્થીઓની ખેતી તેમજ પશુપાલનના વ્યવસાયમાંથી થતી આવક રૂા.૧,૮૦,૦૦૦ હતી. છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારના લાભાર્થીઓની ખેતી તેમજ પશુપાલનની આવક રૂા.૪૫,૦૦૦ હતી. જયારે વાંસદા પ્રાયોજના વિસ્તારના લાભાર્થીઓની ખેતી તથા પશુપાલનની આવક રૂા.૩૮,૦૦૦ હતી.

લાભાર્થીઓની ખેતમજૂરીમાંથી પ્રાપ્ત થતી આવક દાહોદ પ્રાયોજના વિસ્તારમાં રૂા.૫૬,૦૦૦, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં રૂા.૫,૦૦૦ જયારે વાંસદા પ્રાયોજના વિસ્તારમાં રૂા.૫૪,૩૦૦ હતી.

જંગલમજૂરીમાંથી લાભાર્થીઓની આવક માત્ર દાહોદ પ્રાયોજના વિસ્તારમાં હતી અને તે રૂા.૧,૦૦૦ જેટલી હતી.

છૂટક મજૂરીમાંથી દાહોદ પ્રાયોજના વિસ્તારના લાભાર્થીઓની આવક રૂા.૧૫,૦૦૦, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં રૂા.૧,૨૦૦, છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં રૂા. ૧,૦૦૦ અને વાંસદા પ્રાયોજના વિસ્તારમાં રૂા.૧,૧૬,૫૦૦ હતી.

ધંધા કરતા લાભાર્થીઓ માત્ર વાંસદા પ્રાયોજના વિસ્તારમાં છે અને તેની આવક રૂા.૧૦,૦૦૦ હતી, જયારે દાહોદ અને વાંસદા પ્રાયોજના વિસ્તારોમાં નોકરી કરતા લાભાર્થીઓની આવક રૂા. ૫૯,૨૦૦ હતી.

**લાભાર્થીઓનું દેવું :**

આગળ જોયું તે મુજબ આદિવાસીઓની આર્થિક પરિસ્થિતિ ઘણી ખરાબ હોવાથી અને ગરીબીની રેખા નીચે જીવતા હોવાથી માંડ માંડ પોતાનું ગુજરાત ચલાવતા હોય છે. પરિણામે એકાએક કોઈ લગ્ન કે મૃત્યુ જેવા સામાજિક પ્રસંગ કે બિમારી આવે તો દેવું કરીને પૈસા લેવા પડે છે.

ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓની દેવા અંગેની પરિસ્થિતિ નીચેના કોઠા નં.૩:૧૨ પરથી જાણી શકાય છે.

કોઠા નં. ૩:૧૨
દેવું

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | દેવું છે | | | દેવું કોનું છે | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | કુલ | બેંક | સહકારી મંડળી | વેપારી | સગાં વહાલાં | કુલ |
| ૧. | દાહોદ | ૧૭ | ૧૮ | ૩૫ | - | ૫૩,૦૦૦ | - | ૬૬,૦૦૦ | ૧,૧૯,૦૦૦ |
| ૨. | ખેડબ્રહ્મા | ૦૭ | ૨૩ | ૩૦ | - | - | - | ૩૪,૦૦૦ | ૩,,૦૦૦ |
| ૩. | છોટાઉદેપુર | - | ૦૪ | ૦૪ | - | - | - | - | - |
| ૪. | વાંસદા | ૦૭ | ૨૪ | ૩૧ | ૧૦,૦૦૦ | - | ૧૦,૦૦૦ | ૩,૪૦૦ | ૨૩,૪૦૦ |
| | કુલ | ૩૧ | ૬૯ | ૧૦૦ | ૧૦,૦૦૦ | ૫૩,૦૦૦ | ૧૦,૦૦૦ | ૧,૦૩,૪૦૦ | ૧,૭૬,૪૦૦ |

આ કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે એકત્રીસ (૩૧ ટકા લાભાર્થીઓને દેવુ હતુ અને ઓગણસીત્તેર (૬૯ ટકા) લાભાર્થીઓને દેવું નથી. વાંસદા પ્રાયોજના વિસ્તારમાં રૂા.૧૦,૦૦૦ બેંકનું દેવું હતું, દાહોદ પ્રાયોજના વિસ્તારમાં લાભાર્થીઓને રૂા.૫૩,૦૦૦ સહકારી મંડળીનું દેવું હતું, વાંસદા પ્રાયોજના વિસ્તારમાં લાભાર્થીઓને રૂા.૧૦,૦૦૦ જેટલું વેપારીનું દેવું હતું. દાહોદ, ખેડબ્રહ્મા અને વાંસદા પ્રાયોજના વિસ્તારોમાં લાભાર્થીઓને અનુક્રમે રૂા. ૬૬,૦૦૦, રૂા.૩૪,૦૦૦ અને રૂા. ૩,૪૦૦ જેટલું સગાવહાલાઓનું દેવું હતું. આમ સગાંવહાલાઓનો પાસેથી લીધેલ દેવાનું પ્રમાણ મોટું છે. બેંકમાંથી અને વેપારી પાસેથી લીધેલા દેવાનું પ્રમાણ ઓછું છે. આ પરથી ખ્યાલ આવે છે કે લાભાર્થીઓ મુખ્યત્વે અંદરોઅંદર સગાવહાલાં પાસેથી દેવું લેવાનું પસંદ કરતા હશે.જેથી વહેલામોડા પૈસા પાછા ભરી શકાય અથવા કદાચ વ્યાજનો દર પણ ઓછો હોય અને ન પણ લેતા હોય તેવું બને.

લાભાર્થીઓને યોજના વિષે જાણકારી છે અને તે વિષે માહિતી કોણે આપી :

કેટલાક આદિવાસી ઊંડાણના વિસ્તારમાં રહેતા હોવાથી તેમજ શિક્ષણના અભાવને કારણે સરકારી યોજનાઓ વિષે કયારેક પૂરતી અથવા તો બિલકુલ માહિતી હોતી નથી. આ અંગે ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓને કેટલી જાણકારી છે તેની તપાસ કરતાં નીચેના કોઠા નં.૩:૧૩ મુજબ માહિતી પ્રાપ્ત થઈ હતી.

**કોઠા નં. ૩:૧૩**
**યોજના વિષે માહિતી કોણે આપી**

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | ઈંદિરા આવસ યોજનાની માહિતી છે | | | | ઈંદિરા આવાસ યોજનાની વિષે માહિતી કોણે આપી | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | અપૂરતી | કુલ | જ્ઞાતિ આગેવાન | સગાં વહાલાં | સરપંચ | તલાટી | ગ્રામ સેવક | સામાજિક કાર્યકર | પ્રાયોજના ઓફીસમાંથી |
| ૧. | દાહોદ | ૨૩ | ૦૨ | ૧૦ | ૩૫ | ૧૦ | ૦૩ | ૩૦ | ૨૪ | ૧૨ | - | ૦૨ |
| ૨. | ખેડબ્રહ્મા | ૩૦ | - | - | ૩૦ | ૧૩ | ૦૫ | ૦૮ | ૦૬ | ૨૪ | ૦૨ | - |
| ૩. | છોટાઉદેપુર | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૪ | - | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૧ | - | ૦૧ |
| ૪. | વાંસદા | ૦૯ | ૧૬ | ૦૬ | ૩૧ | - | - | ૨૯ | ૧૧ | ૦૪ | - | - |
| | કુલ | ૬૩ | ૧૯ | ૧૮ | ૧૦૦ | ૨૩ | ૦૯ | ૭૧ | ૪૨ | ૪૧ | ૦૨ | ૦૩ |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ઈંદિરા આવાસ યોજનાની માહિતી દાહોદ પ્રાયોજના વિસ્તારમાં ત્રેવીસ લાભાૃથીઓને હતી અને બે લાભાર્થીઓને ન હતી. દસ લાભાર્થીઓને અપૂરતી માહિતી હતી. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં ત્રીસ લાભાર્થીઓ માહિતી ધરાવતા હતા. છોટાઉદેપુરમાં માત્ર એક લાભાર્થીને માહિતી હતી. એકને ન હતી અને બે લાભાર્થીઓ યોજના વિષે અપૂરતી માહિતી ધરાવતા હતા. વાંસદા પ્રાયોજના વિસ્તારમાં નવ લાભાર્થીઓ આ યોજના વિષે માહિતી ધરાવતા હતા. સોળ લાભાર્થીઓ માહિતી ધરાવતા ન હતા. છ લાભાર્થીઓ અપૂરતી માહિતી ધરાવતા હતા. આમ, અંકેદરે ચાર પ્રાયોજના વિસ્તારોમાંથી કુલ ત્રેસઠ (૬૩ ટકા) લાભાર્થી માહિતી ધરાવતા હતા. ઓગણીસ (૧૯ ટકા) લાભાંર્થીઓ માહીતી ધરાવતા ન હતા અને અઢાર (૧૮ ટકા) લાભાર્થીઓ અપૂરતી માહિતી ધરાવતા હતા. આમ, મોટાભાગના (૬૩ ટકા) લાભાર્થીઓ યોજના અંગે માહિતી ધરાવતા હતા.

ઈંદિરા આવાસ યોજના વિષે માહિતી કોણે આપી તે અંગે કોઠો જોઈએ તો સ્પષ્ટ થાય છે કે દાહોદ પ્રાયોજના વિસ્તારમાં દસ લાભાર્થીઓને જાતિના આગેવાનોએ, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં પણ તેર લાભાર્થીઓને જાતિના આગેવાનોએ માહિતી આપી હતી. સગાવહાલાં દ્વારા દાહોદ પ્રાયોજના વિસ્તારમાં લાભાર્થીઓને, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં પાંચ લાભાર્થીઓને અને છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં માત્ર એક લાભાર્થીને માહિતી મળી હતી. વાંસદા પ્રાયોજના વિસ્તારમાં એક પણ લાભાર્થીને સગાં દ્વારા માહિતી મળી ન હતી. સરપંચ દ્વારા દાહોદ પ્રાયોજના વિસ્તારમાં ત્રીસ લાભાર્થીઓને, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં આઠ લાભાર્થીઓને, છોટાઉદેપુરમાં ચાર લાભાર્થીઓને તેમજ વાંસદા પ્રાયોજના વિસ્તારમાં ઓગણત્રીસ લાભાર્થીઓને યોજના અંગે જાણકારી પ્રાપ્ત થઈ હતી. મોટાભાગના (૭૧ ટકા) લાભાર્થીઓને સરપંચ દ્વારા આ યોજના અંગે માહિતી મળી હતી. તલાટી દ્વારા ઈંદિરા આવાસ યોજના અંગેની માહિતી દાહોદ પ્રાયોજના વિસ્તારમાં ચોવીસ લાભાર્થીઓને, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં છ લાભાર્થીઓને, છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં એક લાભાર્થીને તેમજ વાંસદા પ્રાયોજના વિસ્તારમાં અગિયાર લાભાર્થીઓને મળી હતી. ગ્રામ સેવક દ્વારા આ યોજના અંગેની માહિતી દાહોદ પ્રાયોજના વિસ્તારમાં બાર લાભાર્થીઓને, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં ચોવીસ લાભાર્થીઓને, છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં એક લાભાર્થીને તેમજ વાંસદા પ્રાયોજના વિસ્તારમાં ચાર લાભાર્થીઓને મળી હતી. સામાજિક કાર્યકર દ્વારા આ યોજના અંગેની માહિતી માત્ર

ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં બે લાભાર્થીઓને મળી હોવાનું જણાયું છે. પ્રાયોજના ઓફીસ દ્વારા આ યોજના અંગે માહિતી દાહોદ પ્રાયોજના વિસ્તારમાં બે લાભાર્થીઓને અને છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં માત્ર એક લાભાર્થીને મળી હતી.

આમ, સરપંચ, તલાટી તેમજ ગ્રામસેવક દ્વારા મોટાભાગના લાભાર્થીઓને માહિતી મળી હતી. માહિતી આપનાર એક કરતાં વધારે વ્યક્તિઓ હતી.

**લાભાર્થીઓ સાથે સરકારી કચેરીના કર્મચારીઓનો વ્યવહાર :**

ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓને આ યોજનાનો લાભ લેવા માટે જુદા જુદા અનેક સરકારી કર્મચારીઓને મળવાનું થાય છે, કારણ તે માટે ફોર્મ ભરવાથી માંડીને મકાન માટેના નાણાં મળે ત્યાં સુધીની અનેક પ્રક્રિયાઓ કરવી પડે છે અને તે અંગે કોઈને કોઈ સરકારી કર્મચારીને મળવું પડે છે. તે સમયે તેઓનો લાભાર્થીઓ જોડે કેવો વ્યવહાર હતો તે અંગેની માહિતી કોઠા નં. ૩:૧૪ પ્રમાણે છે.

### કોઠા નં. ૩:૧૪
### કર્મચારીઓનો વ્યવહાર

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | સરકારી કચેરીએ ગયા હતા | | | કઈ કચેરીએ ગયા હતા | | | | કર્મચારીનો વ્યવહાર | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | કુલ | ગ્રામ પંચાયત | તાલુકા પંચાયત | પ્રાયોજન ઓફીસ | કુલ | સહાયભૂત થનાર | દુર્લક્ષ સેવનાર | તુમાખી | પૂર્વગ્રહ ધરાવનાર | કુલ |
| ૧. | દાહોદ | ૨૯ | ૦૬ | ૩૫ | ૦૫ | ૨૨ | ૦૨ | ૨૯ | ૨૭ | ૦૬ | ૦૫ | ૦૧ | ૩૯ |
| ૨. | ખેડબ્રહ્મા | ૨૯ | ૦૧ | ૩૦ | ૦૧ | ૨૮ | - | ૨૯ | ૩૦ | - | - | - | ૩૦ |
| ૩. | છોટાઉદેપુર | ૦૪ | - | ૦૪ | ૦૨ | ૦૨ | - | ૦૪ | ૦૪ | - | - | - | ૦૪ |
| ૪. | વાંસદા | ૨૫ | ૦૬ | ૩૧ | - | ૨૫ | - | ૨૫ | ૩૧ | - | - | - | ૩૧ |
| | કુલ | ૮૭ | ૧૩ | ૧૦૦ | ૦૮ | ૭૭ | ૦૨ | ૮૭ | ૯૨ | ૦૬ | ૦૫ | ૦૧ | ૧૦૪ |

- કર્મચારીઓનો વ્યવહાર એક કરતાં વધારે પ્રતિભાવો ધરાવતા હતા.

આ કોઠા પરથી જાણી શકાય છે કે ઈંદિરા આવાસ યોજનાના બધા લાભાર્થીઓ સરકારી કચેરીએ ગયાં નથી. જો કે મોટાભાગના એટલે કે સત્યાસી (૮૭ ટકા) લાભાર્થીઓ સરકારી કચેરી ગયા હતા. જ્યારે તેર (૧૩ ટકા) લાભાર્થીઓએ સરકારી કચેરીની મુલાકાત લીધી ન હતી. દાહોદ પ્રાયોજના વિસ્તારમાંથી ઓગત્રીસ લાભાર્થીઓ સરકારી કચેરીએ ગયા હતા. છ લાભાર્થી ગયા ન હતા, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં ઓગણત્રીસ લાભાર્થી સરકારી કચેરીએ ગયા હતા. એક લાભાર્થી ગયા નહતા, છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં ચાર લાભાર્થીઓ સરકારી કચેરીએ ગયા હતા. વાંસદા પ્રાયોજના વિસ્તારમાં પચ્ચીસ લાભાર્થીઓ સરકારી કચેરીએ ગયા હતા. છ લાભાર્થીઓ ગયા ન હતા.

કઈ કચેરીએ ગયા હતા તે અંગે તપાસતાં ઉપરના કોઠા ૩:૧૪માં જણાવ્યા મુજબ દાહોદ પ્રાયોજના વિસ્તારના પાંચ લાભાર્થીઓ ગ્રામપંચાયતની કચેરીએ બાવીસ લાભાર્થીઓ તાલુકા પંચાયતની કચેરીએ તેમજ બે લાભાર્થીઓ પ્રાયોજના ઓફિસે ગયા હતા. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં એક લાભાર્થી ગ્રામપંચાયતની, અઠયાવીસ લાભાર્થીઓ તાલુકા પંચાયતની કચેરીએ ગયા હતા. છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં બે લાભાર્થીઓ ગ્રામપંચાયતમાં તેમજ બે લાભાર્થીઓ તાલુકા પંચાયતમાં ગયા હતા. વાંસદા પ્રાયોજના વિસ્તારમાં પચ્ચીસ લાભાર્થીઓ તાલુકા પંચાયતની ઓફીસમાં ગયા હતા.

સરકારી કર્મચારીઓનો ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓ જોડેનો વ્યવહાર કેવો હતો તે અંગે પણ ઉપરોક્ત કોઠા ૩:૧૪માં માહિતી આપી છે તે મુજબ દાહોદ પ્રાયોજના વિસ્તારના ૨૭, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના ૩૦ લાભાર્થીઓ, છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારના ૪ લાભાર્થીઓ તેમજ વાંસદા પ્રાયોજના વિસ્તારના ૩૧ લાભાર્થીઓ સાથે સરકારી કર્મચારીઓનો વ્યવહાર સહાયભૂત થનાર તરીકેનો હતો. જ્યારે દાહોદ પ્રાયોજના વિસ્તારમાં ૬ લાભાર્થીઓ સાથે દુર્લક્ષ સેવનાર હતો. આજ વિસ્તારના ૫ લાભાર્થીઓ સાથે તુમાખી સ્વભાવનો જણાયો હતો. તેમજ આ જ વિસ્તારમાં એક લાભાર્થી સાથે પૂર્વગ્રહ ધરાવનારો જોવા મળેલ હતો. આમ, એકંદરે મોટાભાગનાં (બાણુ) લાભાર્થીઓ સાથે સહાયભૂત થનાર પ્રકારનો વ્યવહાર હતો. બહુ ઓછા લાભાર્થીઓને સરકારી કર્મચારીઓ તરફથી દુર્લક્ષ સેવનારા, તુમાખી સ્વભાવના અને પૂર્વગ્રહયુક્ત વલણ ધરાવનારાનો અનુભવ થયો હતો.

**લાભાર્થીઓએ યોજનાનો લાભ ક્યારે લીધો :**

ઈંદિરા આવાસ યોજનાનો લાભ ૧૯૯૧થી અત્યાર સુધીના વર્ષોમાં ક્યારે કેટલા લાભાર્થીઓએ લીધો તે અંગેની માહિતી નીચેના કોઠા ૩:૧૫ પરથી જાણી શકાય છે.

કોઠા નં.૩:૧૫

લાભ ક્યારે લીધો

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | ૧૯૯૧-૯૨ | ૧૯૯૨-૯૩ | ૧૯૯૩-૯૪ | ૧૯૯૪-૯૫ | ૧૯૯૫-૯૬ | ૧૯૯૬-૯૭ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | દાહોદ | - | - | - | ૦૭ | ૧૨ | ૧૬ | ૩૫ |
| ૨. | ખેડબ્રહ્મા | - | ૦૧ | ૦૨ | ૧૦ | ૧૨ | ૦૫ | ૩૦ |
| ૩. | છોટાઉદેપુર | - | - | - | ૦૪ | - | - | ૦૪ |
| ૩. | વાંસદા | ૧૫ | - | ૧૬ | - | - | - | ૩૧ |
| | કુલ | ૧૫ | ૦૧ | ૧૮ | ૨૧ | ૨૪ | ૨૧ | ૧૦૦ |

કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ઈંદિરા આવાસ યોજનાનો લાભ જુદા જુદા વર્ષ દરમિયાન જુદા જુદા લાભાર્થીઓએ લીધો હતો. ૧૯૯૧-૯૨ ના વર્ષ દરમિયાન વાંસદા પ્રાયોજના વિસ્તારના પંદર લાભાર્થીઓએ આ લાભ લીધો હતો. ૧૯૯૨-૯૩ના વર્ષ દરમિયાન ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના એક લાભાર્થીએ લાભ લીધો હતો. ૧૯૯૩-૯૪ના વર્ષ દરમિયાન ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના બે લાભાર્થીઓએ તેમજ વાંસદા પ્રાયોજના વિસ્તારના સોળ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો હતો. ૧૯૯૪-૯૫ના વર્ષ દરમિયાન દાહોદ પ્રાયોજના વિસ્તારમાંથી સાત લાભાર્થીઓએ, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાંથી દસ લાભાર્થીઓએ, છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાંથી ચાર લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો હતો. ૧૯૯૫-૯૬ના વર્ષ દરમિયાન દાહોદ પ્રાયોજના વિસ્તાર તેમજ ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાંથી બાર બાર લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો હતો. ૧૯૯૬-૯૭ના વર્ષ દરમિયાન દાહોદ પ્રાયોજના વિસ્તારમાંથી સોળ તેમજ ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાંથી પાંચ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ રીતે ૧૯૯૫-૯૬ના વર્ષ દરમિયાન સૌથી વધુ એટલે કે ચોવીસ (૨૪ ટકા) લાભાર્થીઓએ લાભ લીધો હતો. જયારે ૧૯૯૨-૯૩ના વર્ષ દરમિયાન માત્ર એક જ લાભાર્થીએ આ યોજનાનો લાભ લીધો હતો.

**જમીન કોની છે અને યોજનાનો લાભ કઈ એજન્સી દ્વારા મળે છે. :**

ઈંદિરા આવાસ યોજનાના બધા જ લાભાર્થીઓ પાસે પોતાની જમીન નથી. જેમની પાસે પોતાની જમીન નથી તેમને સરકાર દ્વારા મકાન બનાવવા માટે જમીન આપવામાં આવી હતી. જેમની પાસે પોતાની જમીન છે તેમને તેમની જમીન પર મકાન બનાવેલુ હતું. આ અંગેની માહિતી નીચેના કોઠા ૩:૧૬ પરથી જોઈ શકાય છે. આ ઉપરાં તેઓને આ યોજનાનો લાભ કઈ એજન્સી દ્વારા મળેલ હતો તે અંગેની માહિતી પણ અહીં આપવામાં આવી છે.

કોઠા નં.૩:૧૬

કઈ એજન્સી દ્વારા લાભ લીધો

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | આવાસ માટેની જમીન | | | લાભ કઈ એજન્સી દ્વારા મેળવેલ છે. | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પોતાની | સરકારી | કુલ | ગ્રામવિકાસ એજન્સી | વિકાસ કમિશ્નર | હુડકો | સમાજ કલ્યાણ | કુલ |
| ૧. | દાહોદ | ૩૫ | - | ૩૫ | ૩૫ | - | - | - | ૩૫ |
| ૨. | ખેડબ્રહ્મા | ૩૦ | - | ૩૦ | ૩૦ | - | - | - | ૩૦ |
| ૩. | છોટાઉદેપુર | ૦૪ | - | ૦૪ | ૦૪ | - | - | - | ૦૪ |
| ૪. | વાંસદા | - | ૩૧ | ૩૧ | ૩૧ | - | - | - | ૩૧ |
| | કુલ | ૬૯ | ૩૧ | ૧૦૦ | ૧૦૦ | - | - | - | ૧૦૦ |

કોઠા પરથી જાણી શકાય છે કે ઈંદિરા આવાસ યોજનાના ઓગણસીત્તેર (૬૯ ટકા) લાભાર્થીઓએ પોતાની જમીન પર મકાન બનાવેલ હતું, જયારે એકત્રીસ (૩૧ ટકા) લાભાર્થીઓએ સરકારી જમીન પર મકાન બનાવેલ હતા.

પ્રાયોજના વિસ્તારની દ્રષ્ટિએ જોઈએ તો દાહોદ પ્રાયોજના વિસ્તારમાં પાંત્રીસ (૩૫ ટકા), ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં ત્રીસ (૩૦ ટકા) અને છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં ચાર લાભાર્થીઓએ પોતાની જમીનમાં મકાન બનાવેલ હતા. વાસંદા પ્રાયોજના વિસ્તારના એકત્રીસ (૩૧ ટકા) લાભાર્થીઓએ સરકારી જમીન પર મકાન બનાવેલ હતા.

કઈ એજન્સી દ્વારા આ યોજનાનો લાભ મળેલ છે એ અંગે પણ આ કોઠાથી માહિતી સ્પષ્ટ થાય છે કે બધા જ લાભાર્થીઓએ ગ્રામવિકાસ એજન્સી દ્વારા આ યોજનાનો લાભ મેળવેલ હતો.

**સહાયનું ધોરણ અને સબસીડી અને લોન :**

ઈંદિરા આવાસ યોજનામાં જુદા જુદા વર્ષ દરમિયાન સહાયનું ધોરણ જુદું જુદું એટલે કે દર વર્ષે વધતુ ગયું છે. મોંઘવારી વધવાથી આ ધોરણમાં પણ ફેરફાર થતા ગયા છે. આ અંગેની માહિતી તેમજ સબસીડી અને લોન અંગેની માહિતી નીચેના કોઠા ૩:૧૭ પરથી જાણી શકાય છે.

કોઠા નં.૩:૧૭

સહાયનું ધોરણ સબસીડી

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | વર્ષ ૧૯૯૧-થી ૯૭-૯૮ સુધીમાં આવાસ | | | | | વ્યક્તિગત સહાયનું ધોરણ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૧,૦૦૦ | ૧૩,૫૦૦ | ૧૪,૫૦૦ | ૧૯,૫૦૦ | કુલ | સબસીડી | લોન |
| ૧. | દાહોદ | - | - | ૧૧ | ૨૪ | ૩૫ | ૧૦૦% | - |
| ૨. | ખેડબ્રહ્મા | - | ૦૧ | ૨૪ | ૦૫ | ૩૦ | ” | - |
| ૩. | છોટાઉદેપુર | - | - | ૦૪ | - | ૦૪ | ” | - |
| ૪. | વાંસદા | ૧૫ | ૧૬ | - | - | ૩૧ | ” | - |
| | કુલ | ૧૫ | ૧૭ | ૩૯ | ૩૯ | ૧૦૦ | ” | - |

પ્રસ્તુત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે જુદા જુદા વર્ષ દરમિયાન આવાસનું વ્યક્તિગત સહાયનું ધોરણ જુદું જુદું છે. કારણ દર વર્ષે આ ધોરણમાં વધારો થતો ગયો. જ્યારે ૧૧,૦૦૦/- સહાયનું ધોરણ હતું ત્યારે વાંસદા પ્રાયોજના વિસ્તારના પંદર લાભાર્થીઓએ સહાય લીધી હતી. ૧૩,૫૦૦/- નું સહાયનું ધોરણ હતું તે વર્ષે ખેડબ્રહ્માના એક તેમજ વાંસદાના સોળ લાભાર્થીઓએ લાભ લીધો હતો. ૧૪,૫૦૦/- નું સહાયનું ધોરણ હતું તે વર્ષે દાહોદ પ્રાયોજના વિસ્તારના અગિયાર (૧૧ ટકા), ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના ચોવીસ (૨૪ ટકા) અને છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારના ચાર (૪ ટકા) લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો હતો. રૂ.૧૯,૫૦૦/- સહાયનું ધોરણ હતું. તે વર્ષ દરમિયાન દાહોદ પ્રાયોજના વિસતારના ચોવીસ (૨૪ ટકા) લાભાર્થીઓ, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના પાંચ (૫ ટકા) લાભાર્થીઓએ આ સહાયનો લાભ લીધો હતો. ૧૪,૫૦૦/- ના સહાયના ધોરણના વર્ષે સૌથી વધુ ઓગણચાલીસ (૩૯ ટકા) લાભાર્થીઓએ લાભ લીધો હતો અને સૌથી ઓછો પંદર (૧૫ ટકા) લાભાર્થીઓએ રૂ.૧૧,૦૦૦/- ના સહાયના ધોરણ સમયે લાભ લીધો હતો. આમાં દરેકને ૧૦૦% સબસીડી મળેલ હતી.

**વધારાના નાણાંની જરૂર અને તે ક્યાંથી મેળવ્યા ? :**

ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓને યોજનામાં નક્કી કર્યા મુજબ સહાય મળેલી હતી. એ સહાય તેમનું મકાન બનાવવા માટે પૂરતી થઈ રહેલી કે તેમાં વધારાના નાણાંની જરૂર પડી હતી કે કેમ તે અંગે માહિતી મેળવતાં કોઠા ૩:૧૮ મુજબ નીચે પ્રમાણે માહિતી પ્રાપ્ત થઈ હતી.

કોઠા નં. ૩:૧૮
વધારાના નાણાં

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | વધારાના નાણાંની જરૂર હતી | | | વધારાના નાણાં ક્યાંથી લાવ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | કુલ | પોતાના | સગાં વહાલાં | મંડળી | વેપારી | સહાય પૂરતી હતી | કુલ |
| ૧. | દાહોદ | ૩૫ | - | ૩૫ | ૦૯ | ૨૫ | ૦૧ | ૦૧ | - | ૩૬ |
| ૨. | ખેડબ્રહ્મા | ૩૦ | - | ૩૦ | ૨૦ | ૧૦ | - | - | - | ૩૦ |
| ૩. | છોટાઉદેપુર | ૦૪ | - | ૦૪ | ૦૪ | - | - | - | - | ૦૪ |
| ૪. | વાંસદા | - | ૩૧ | ૩૧ | - | - | - | - | ૩૧ | ૩૧ |
| | કુલ | ૬૯ | ૩૧ | ૧૦૦ | ૩૩ | ૩૫ | ૦૧ | ૦૧ | ૩૧ | ૧૦૧ |

ઉપરોક્ત કોઠા પરથી જાણી શકાય છે કે દાહોદ પ્રાયોજના વિસ્તારના પાંત્રીસ લાભાર્થીઓને વધારાના નાણાંની જરૂર પડી હતી. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના ત્રીસ લાભાર્થીઓએ વધારાના નાણાંની જરૂર પડી હતી તે જ રીતે છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારના ચાર લાભાર્થીઓને મકાન બનાવવા માટે વધારાના નાણાંની જરૂર પડી હતી. જ્યારે વાંસદા પ્રાયોજના વિસ્તારના એકત્રીસ લાભાર્થીઓમાંથી કોઈને વધારાના નાણાંની જરૂર પડી નથી. આ પરથી જોઈ શકાય છે કે ઓગણસીત્તેર (૬૯ ટકા) લાભાર્થીઓને વધારાના નાણાંની જરૂર પડી હતી. એકત્રીસ (૩૧ ટકા) લાભાર્થીઓને જરૂર પડી નહતી. વધાના નાણાં ક્યાંથી મેળવ્છા એ અંગે પણ આ કોઠામાં વિગત બતાવી છે. દાહોદ પ્રાયોજના વિસ્તારના નવ (૯ ટકા લાભાર્થીઓએ, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના વીસ (૨૦ ટકા) લાભાર્થીઓએ અને છોટાઉદેપુરના ચાર (૪ ટકા) લાભાર્થીઓએ વધારાના નાણાં પોતાની પાસેથી જ વાપરેલા હતા. દાહોદ પ્રાયોજના વિસ્તારના પચ્ચીસ (૨૫ ટકા) લાભાર્થીઓએ તથા ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના દસ (૧૦ ટકા) લાભાર્થીઓએ આ વધારાના નાણાંની સગવડ પોતાના સગાંવહાલાં પાસેથી લઈને કરેલી હતી. વધારાના નાણાં કોઈ લાભાર્થીઓએ બેંકમાંથી લીધા નથી. દાહોદ પ્રાયોજના વિસ્તારના એક લાભાર્થી (૧ ટકા) એ મંડળીમાંથી તેમજ વેપારી પાસેથી એમ બે જગ્યાએથી નાણાંની સગવડ કરી છે. વાંસદા પ્રાયોજના વિસ્તારના એકત્રીસ (૩૧ ટકા) લાભાર્થીઓને સહાય પૂરતી જણાઈ હોવાથી તેમણે વધારાના નાણાંની જરૂર જણાઈ ન હતી.

**લાભાર્થીને થયેલ કુલ ખર્ચ :**

આગળ જોયું તેમ દરેક લાભાર્થીએ પોતપોતાની સગવડ અને પોતાની પસંદગી મુજબ મકાનો બનાવ્યા છે. પરિણામે કેટલાકને અંદાજ કરતાં વધારે પણ ખર્ચ થયેલ અને તેમણે વધારાના નાણાં આગળ બતાવ્યા મુજબ સગવડ કરીને ઉમેરવા પણ પડયા હતા. ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ બાંધવામાં કુલ ખર્ચ કેટલું થયું તે વિષેની વિગતો નીચેના કોઠા મુજબ જોઈ શકાય છે.

કોઠા નં.૩:૧૯

કુલ ખર્ચ

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | કુલ ખર્ચ |
|---|---|---|
| ૧. | દાહોદ | ૯,૮૯,૦૦૦ |
| ૨. | ખેડબ્રહ્મા | ૬,૩૧,૦૦૦ |
| ૩. | છોટાઉદેપુર | ૧,૨૫,૦૦૦ |
| ૪. | વાંસાદ | - |

●વાંસદા પ્રાયોજના વિસ્તારના લાભાર્થીઓએ જાતે બાંધકામ કરેલ નથી માટે ખર્ચ થયેલ નથી.

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય કે દાહોદ પ્રાયોજના વિસ્તારના લાભાર્થીઓને મકાન બનાવવામાં કુલ ખર્ચ રૂપિયા નવલાખ નેવ્યાસી હજાર થયું હતું. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના લાભાર્થીઓને રૂપિયા છ લાખ એકત્રીસ હજાર કુલ ખર્ચ થયેલું. છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારના લાભાર્થીઓને કુલ ખર્ચ એક લાખ પચ્ચીસ હજાર થયું હતું. જયારે વાંસદા પ્રાયોજના વિસ્તારમાં લાભાર્થીઓને જાતે બાંધકામ કરેલ નથી માટે ખર્ચ થયેલ નથી.

**લાભાર્થીઓએ આવાસમાં પોતાની રીતે કરેલ ફેરફારો :**

ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓએ પોતપોતાની પસંદગી અને સગવડ મુજબ આ યોજનાનો લાભ મળતાં પોતાના મકાનમાં ફેરફાર કરાવ્યા હતા. આ અંગેની માહિત નીચેના કોઠા ૩:૨૦ પરથી જાણી શકાય છે.

કોઠા નં.૩:૨૦

આવાસમાં ફેરફાર

| ક્રમ | પ્રાયોજના | આવાસમાં ફેરફાર કર્યા છે | | | નળીયા નવાં નાખ્યાં | ક્ષેત્રફળ વધાર્યુ | રૂમ વધાર્યા | જાજરૂ/ બાથરૂમ બનાવ્યા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | કુલ | | | | | |
| ૧. | દાહોદ | ૦૬ | ૨૯ | ૩૫ | ૦૪ | ૦૧ | - | ૦૧ | ૦૬ |
| ૨. | ખેડબ્રહ્મા | ૦૮ | ૨૨ | ૩૦ | ૦૮ | - | - | - | ૦૮ |
| ૩. | છોટાઉદેપુર | ૦૩ | ૦૧ | ૦૪ | ૦૩ | - | - | - | ૦૩ |
| ૪. | વાંસદા | ૧૧ | ૨૦ | ૩૧ | ૧૦ | - | ૦૧ | - | ૧૧ |
| | કુલ | ૨૮ | ૭૨ | ૧૦૦ | ૨૫ | ૦૧ | ૦૧ | ૦૧ | ૨૮ |

પ્રસ્તુત કોઠા પરથી જોઈ શકાય છે કે દાહોદ પ્રાયોજના વિસ્તારના છ લાભાર્થીઓએ, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના આઠ લાભાર્થીઓએ, છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારના ત્રણ લાભાર્થીઓએ તેમજ વાંસદા પ્રાયોજના વિસ્તારના અગીયાર લાભાર્થીઓએ પોતાના મકાનોમાં જુદા જુદા ફેરફારો કરાવ્યા છે.

ક્યા ફેરફારો કરાવ્યા તે અંગે જાણતા દાહોદ પ્રાયોજના વિસ્તારના ચાર લાભાર્થીઓએ નળીયા નવાં નંખાવ્યા હતા, એક લાભાર્થીએ ક્ષેત્રફળ વધાર્યુ હતું, અને એક લાભાર્થીએ જાજરૂ / બાથરૂમ બનાવેલ હતા. ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારમાં આઠ લાભાર્થીઓએ નળીયા નવા નંખાવ્યા હતા. છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારમાં ત્રણ લાભાર્થીઓએ નળીયા નવા નંખાવ્યા હતા. વાંસદા પ્રાયોજના વિસ્તારમાં દસ લાભાર્થીઓએ નળીયા નવા નંખાવ્યા હતા, તેમજ એક લાભાર્થીએ રુમ વધાર્યા હતા.

આમ દરેક લાભાર્થીએપોતાની સગવડ અને પસંદગી મુજબ ફેરફાર કર્યા હતા.

લાભાર્થીઓને ઈંદિરા આવાસ યોજનાના સ્થળે પાયાની સગવડો મળેલ છે :

ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓએ જે જગ્યાએ પોતાના આવાસ બનાવેલ છે ત્યાં પ્રાથમિક જરૂરિયાતોની એટલે કે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે કે કેમ તેઅંગે તપાસ કરતાં નીચે મુજબ કોઠા ૩:૨૧ પ્રમાણે માહિતી મળી હતી.

**કોઠા નં. ૩:૨૧**

**પાયાની સગવડો**

| ક્રમ | પ્રાયોજના વિસ્તાર | સગવડો છે | | | પાણીની સુવિધા | વીજળીની સુવિધા | રસ્તાની સુવિધા |
|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | કુલ | | | |
| ૧. | દાહોદ | ૨૨ | ૧૩ | ૩૫ | ૨૧ | ૧૬ | ૦૨ |
| ૨. | ખેડબ્રહ્મા | ૧૬ | ૧૪ | ૩૦ | ૧૫ | ૦૯ | ૦૩ |
| ૩. | છોટાઉદેપુર | ૦૪ | - | ૦૪ | ૦૩ | ૦૩ | ૦૨ |
| ૪. | વાંસદા | ૧૬ | ૧૫ | ૩૧ | ૧૦ | ૧૦ | - |
| | કુલ | ૫૮ | ૪૨ | ૧૦૦ | ૪૯ | ૩૮ | ૦૭ |

કોઠા પરથી જાણી શકાય છે કે મોટાભાગના એટલે કે અઠ્ઠાવન (૫૮ ટકા) લાભાર્થીઓને પોતે જયાં મકાન બનાવેલ છે ત્યાં પોયાની સુવિધાઓ છે જયારે બેંતાલીસ

(૪૨ ટકા) લાભાર્થીઓને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ નથી. કઈ કઈ સુવિધાઓ કેટલા લાભાર્થીઓને મળે છે તે પણ આ કોઠામાં સ્પષ્ટ થાય છે. દાહોદ પ્રાયોજના વિસ્તારના એકવીસ (૨૧ ટકા) લાભાર્થીઓને પાણીની સુવિધા મળી હતી, ખેડબ્રહ્માના પંદર (૧૫ ટકા) લાભાર્થીઓને, છોટાઉદેપુરના ત્રણ (૩ ટકા) લાભાર્થીઓને તેમજ વાંસદા પ્રાયોજના વિસ્તારના દસ (૧૦ ટકા) લાભાર્થીઓને પાણીની સુવિધા મળી હતી. તેવી જ રીતે વીજળીની સુવિધા દાહોદ પ્રાયોજના વિસ્તારના સોળ (૧૬ ટકા) લાભાર્થીઓને, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના નવ (૯ ટકા) લાભાર્થીઓને, છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારના ત્રણ (૩ ટકા) લાભાર્થીઓને તેમજ વાંસદા પ્રાયોજના વિસ્તારના દસ (૧૦ ટકા) લાભાર્થીઓને મળી હતી. રસ્તાની સુવિધા દાહોદ પ્રાયોજના વિસ્તારના બે (૨ ટકા) લાભાર્થીઓને, ખેડબ્રહ્મા પ્રાયોજના વિસ્તારના ત્રણ (૩ ટકા) લાભાર્થીઓને, છોટાઉદેપુર પ્રાયોજના વિસ્તારના બે (૨ ટકા) લાભાર્થીઓને મળી હતી.

આમ, કેટલાંક લાભાર્થીઓને પોતાના મકાનની આજુબાજુમાં પાયાની સુવિધાઓ વધતાઓછા પ્રમાણમાં મળી હતી, જ્યારે કેટલાકને હજુ મળી ન હતી.

## પ્રકરણ - ૪

# અભ્યાસ આધારિત : પ્રશ્નો, તારણો અને સૂચનો

પ્રકરણ - ૪

# અભ્યાસ આધારિત : તારણો, પ્રશ્નો અને સૂચનો

ઈંદિરા આવાસ યોજના એ આદિવાસીઓ માટે ઘણી ઉપકારક અને ઉપયોગી યોજના જણાય છે, કેમકે તેમાં સો ટકા સહાયનું ધોરણ સ્વીકાર્ય છે. એ ઉપરાંત આદિવાસી લાભાર્થીની લાગણી અને પરંપરાને સ્વીકારી આદિવાસી પોતાની રીતે ઈચ્છે તેવું મકાન બનાવી શકે તેવી વ્યવસ્થા છે એટલે યોજના ઘણી જ આવકારદાયક બની છે. આમ છતાં ક્યાંક ક્યાંક કંઈક મુશ્કેલી જણાય છે. એટલે વાસ્તવિક સ્થિતિ શું છે તે જાણવા અભ્યાસ કર્યો અને અભ્યાસ દ્વારા ખરેખર યોજના કેવી છે? કઈ રીતે ચાલી રહી છે? લાભાર્થીઓની શું સ્થિતિ છે વગેરે બાબતોને તારણરૂપે મૂકી છે, તો એ સાથે લાભાર્થીઓને યોજનાનો લાભ મેળવવાની શરૂઆતથી મકાન બંધાય જાય ત્યાં સુધીની અને તે પછીની મુશ્કેલીઓ પણ જાણી છે અને યોજનાને વધુ લોકાભિમુખ બનાવવા, યોજના વધુ સારી બને તે માટે સૂચનો પણ કર્યા છે જેને ક્રમસર જોઈને આગળ વ્યવહારિક રીતે અમલીકરણ માટે પગલા ભરીએ તો યોજના વધુ ઉપયોગી થશે.

**તારણો :**

**(અ) સામાન્ય :**

(૧) અભ્યાસમાં રાજયમાંથી ચાર પ્રાયોજના વિસ્તાર દાહોદ, ખેડબ્રહ્મા, છોટાઉદેપુર અને વાંસદા વિસ્તારને આવરી લેવામાં આવ્યા હતા અને તેમાંથી,

(૨) આદિવાસી વસતિ ધરાવતા આઠ તાલુકાના ઓગણત્રીસ ગામોના સો કુટુંબો પસંદ કર્યા હતા.

(૩) લાભાર્થી તરીકે જેમને અગાઉ સહાય મળી હોય તેમની પસંદગી ફરી થતી નથી, વળી એક કુટુંબમાં એક જ વ્યક્તિને લાભ અપાય છે.

(૪) આ યોજના માત્ર ગ્રામ્ય વિસ્તાર પૂરતી સિમિત છે. શહેરી વિસ્તારને આ યોજના લાગુ પડતી નથી.

(૫) યોજના દ્વારા આવાસ માટે સો ટકા સહાયનું ધોરણ છે.

(૬) ઈંદિરા આવાસયોજનામાં લાભાર્થી પાસે જમીન હોય તેમજ પોતાના પૈસા ઉમેરવાની જોગવાઈ હોવાથી મકાન સારા બનાવાય છે.

(૭) લાભાર્થીની પસંદગી ગ્રામસભા યોજી થતી હોવાથી ખરા જરૂરમંદને જ લાભ મળે છે.

(૮) એવું જાણવા મળ્યું કે જેઓનો સંબંધ ઉપર હોય દા.ત. તલાટી, સરપંચ કે તાલુકાકક્ષાએ તેમને જ લાભ મળે છે, બાકીના લાભથી વંચિત રહે છે.

(૯) એવી ફરિયાદ મળી કે લાભાર્થી યોજનાનો લાભ મેળવવા કંઈક ખર્ચ કરે તો કાર્યવાહી જલ્દીથી પતે છે.

(૧૦) જેમની આવક ઓછી અને બચત નથી તેમજ કોઈ પાસેથી નાણા મળતા નથી તેવા કેટલાક લાભાર્થીઓએ ઓછી સહાય મળે છે તેમ કહી મકાન સંપૂર્ણ તૈયાર કર્યું નથી તો,

(૧૧) ઘણા લાભાર્થીઓએ મળતી સહાય ઉપરાંત સ્વખર્ચ કરી મકાન સારાં બનાવ્યા છે તો વળી

(૧૨) કેટલાકે જ્યાં ત્યાંથી પથ્થરો ભેગા કરી માટી, સિમેન્ટ મેળવી મકાન ઉભા કર્યા છે.

(૧૩) આદિવાસીઓએ પોતાની પરંપરા મુજબ છૂટાછવાયા મકાનો બનાવ્યા છે તેથી પાયાની કેટલીક સુવિધાથી વંચિત છે.

(૧૪) એક પ્રાયોજના વહીવટદારશ્રી સર્વેના તારણ અને અનુભવે જણાવે છે કે આ યોજના ૫૦% સફળ થઈ અને ૫૦% અસફળ રહી છે.

(૧૫) સફળતા માટે જણાવે છે કે જેઓ ગરીબ છે તેમને યોજના દ્વારા મકાન મળી શક્યું છે. યોજના નિષ્ફળતા માટે જણાવે છે કે મકાનની જગ્યા ગામથી ઘણે દૂર અને પ્રાથમિક સુવિધાઓનો અભાવ તેને લઈને લોકો રહેવા જતા નથી.

**(બ) અભ્યાસ આધારિત તારણો :**

(૧૬) કુલ લાભાર્થીઓમાંથી ૫૬% ભીલજાતિના છે, જ્યારે હળપિત અને કોલચા જાતિના અનુક્રમે પાંચ અને ત્રણ લાભાર્થી હતા.

(૧૭) મોટાભાગના લાભાર્થીઓએ યોજનાની સહાય મુજબ જ મકાનનું બાંધકામ કર્યું છે, જ્યારે દાહોદ પ્રાયોજનાના ૨૫ અને ખેડબ્રહ્મા પ્રાયોજનાના ૧૯ લાભાર્થીઓએ મકાન વધુ સારું બનાવવા કે સુધારા વધારા સ્વખર્ચ કરેલ છે.

(૧૮) બધા જ લાભાર્થીઓ પાકા મકાન ધરાવે છે.

(૧૯) ૫૦% લાભાર્થીઓની બે રૂમનું મકાન હતું, જ્યારે ૨% લાભાર્થી બે થી વધુ રૂમ ધરાવતા હતા.

(૨૦) કુલ ૧૦૦ લાભાર્થીમાંથી ૬૯% એ પોતાની જમીનમાં મકાન બનાવેલ અને ૩૧% એ સરકારી જમીનમાં મકાન બંધાવેલ છે.

(૨૧) ૯૮% લાભાર્થીઓના મકાન પર છાજ તરીકે મેંગ્લોરી નળિયા હતા.

(૨૨) મકાનની સરેરાશ કિંમત ૨૧,૧૬૦/- જોવા મળી છે.

(૨૩) મકાનમાં ઉભી કરેલ કેટલીક સુવિધા જેવીકે ચૂલો, નાવણીયું વગેરેનો ઉપયોગ કેટલાક કુટુંબો કરતા ન હોય તેવું દેખાયું.

(૨૪) કુલ લાભાર્થીમાંથી ૭૬% પાસે ખેતીની જમીન હતી, જ્યારે ૨૪% લાભાર્થી પાસે ખેતીની જમીન બિલકુલ ન હતી, ખેતીની જમીન ન ધરાવનાર બધા જ વાંસદા પ્રાયોજના વિસ્તારના છે.

(૨૫) કુલ ૧૦૦ કુટુંબોના ૪૬૬ સભ્યો છે એટલે કે કુટુંબકદ ૪.૬૬ નું છે.

(૨૬) કુલ સભ્યોમાંથી ૫૦% અભણ છે, જ્યારે ઉચ્ચ શિક્ષણ લેનારામાં કોઈ સ્ત્રી સભ્ય નથી.

(૨૭) વૈવાહિક દરજ્જો જોતા પરિણિતોમાં જેટલા પુરૂષો છે તેટલી જ સ્ત્રીઓ છે એટલે કે હવે બહુપત્નીત્વ ન કરતા હોય તેવું દેખાય છે.

(૨૮) પસંદ થયેલ કુલ સભ્યોમાંથી ૮૨ ખેતીમાં, ૪૨ જંગલ મજૂરીમાં, ૨૮ ખેત મજૂરીમાં, ૬ નોકરી કરતા અને ૧ સભ્ય ધંધો કરતા હતા જ્યારે,

(૨૯) ૧૩૬ સભ્યો અભ્યાસ કરતા હતા અને ૭૬ સભ્યો કામ નહિ કરનારા હતા. આમ એકંદરે ૪૫% સભ્યોની જવાબદારી અન્ય સભ્યોએ લેવી પડે છે. જોકે,

(૩૦) ૯૬ સભ્યો ઘરકામમાં છે જે પરોક્ષ રીતે તો આર્થિક પ્રવૃત્તિ જ ગણાવી શકાય.

(૩૧) જુદા જુદા વ્યવસાયોમાંથી તેઓ સરેરાશ ૭,૬૫૭ રૂપિયા આવક મેળવે છે.

(૩૨) કુલ લાભાર્થીમાંથી ૩૧ દેવાદાર હતા અને તેઓએ બેંક, સહકારી મંડળી, વેપારી કે સગાં-સંબંધી પાસેથી નાણાં મેળવેલ હતા. સરેરાશ દેવું રૂા. ૫,૬૯૦નું હતું.

(૩૩) આપણે ત્યાં આદિવાસી વિકાસ માટેની યોજનાઓ ઘણી છે, પરંતુ આદિવાસીઓ તેનાથી અજાણ છે. અભ્યાસમાં લીધેલ ૧૦૦ માંથી ૬૩ ટકા યોજના અંગે જાણે છે, જ્યારે ૩૭ ટકા આ અંગે જાણતા નથી.

(૩૪) આવાસ યોજના સંબંધી માહિતી તેઓને સરપંચ, તલાટી, ગ્રામસેવક, સામાજિક કાર્યકર, જાતિ આગેવાન અને સગાંસંબંધી દ્વારા મળી છે.

(૩૫) ૧૦૦ લાભાર્થીમાંથી ૮૭ સરકારી કચેરીએ ગયા હતા, જ્યારે યોજનાનો લાભ લીધેલ ૧૩ લાભાર્થીઓ કોઈપણ કચેરીએ ગયા ન હતા.

(૩૬) યોજના લાભ માટે સરકારી કચેરીમાં ગયેલામાંથી ૭૭ તાલુકા પંચાયત કચેરીએ, ૮ ગ્રામ પંચાયત કચેરીએ અને ૨ પ્રાયોજના કચેરીએ ગયા હતા.

(૩૭) સરકારી અધિકારીઓના વ્યવહાર અંગે પૃચ્છા કરતા ૯૨% લાભાર્થીઓએ જણાવ્યું કે અધિકારીઓ સહાય કરનારા હતા તો ૬% જણાવે છે કે દુર્લક્ષ સેવનાર છે, ૫% કહે છે કે તુમાખી સ્વભાવવાળા હતા તો ૧% જણાવે છે કે અધિકારીઓ પૂર્વગ્રહ ધરાવનાર છે.

(૩૮) પસંદ થયેલ સો લાભાર્થીઓમાંથી પંદરે વર્ષ ૯૧-૯૨ માં લાભ લીધો હતો, એકે ૯૨-૯૩માં, અઢારે ૯૩-૯૪માં, એકવીસે ૯૪-૯૫માં, ચોવીસે ૯૫-૯૬માં અને વર્ષ ૯૬-૯૭માં એકવીસ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો હતો.

(૩૯) કુલ લાભાર્થીમાંથી ૬૯ લાભાર્થીઓને મકાન બાંધકામ માટે વધારે નાણાંની જરૂરિયાત પડી હતી. આ નાણાં તેમણે સગાં-વ્હાલા, મંડળી અને વેપારી પાસેથી મેળવ્યા હતા. તો કેટલાકે પોતાની બચત પણ ખર્ચી હતી.

(૪૦) મકાન તૈયાર થયા પછી લાભાર્થીઓએ પોતાની રીતે કેટલાક ફેરફાર કર્યા છે જેમાં ૨૫ નવાં નળિયા નાંખ્યા, ૧ ક્ષેત્રફળ વધાર્યુ, ૧ જાજરૂ-બાથરૂમ બનાવ્યું છે અને ૧ રૂમ વધાર્યો હતો.

(૪૧) યોજના સ્થળે પાયાની સુવિધામાં ૪૯ને પાણીની સુવિધા છે, ૩૮ને વીજળીની સુવિધા છે અને ૭ને રસ્તાની સુવિધા છે, એટલે પ્રાથમિક અને પાયાની સુવિધા અપૂરતી છે તેમ કહી શકાય.

(૪૨) ક્ષેત્રકાર્ય દરમિયાન એવું પણ ચર્ચાયું કે આદિવાસી કુટુંબો માટે જેમ જેમ વધુને વધુ સુવિધાઓ અને યોજનાઓ લાગુ પડાય છે તેમ તેઓ આળસુ થતા જાય છે અને સરકારી યોજના છે તો કોઈપણ રીતે મેળવી લેવી તેવી ભાવના વિકાસ પામતી જાય છે.

**યોજના સંબંધમાં પ્રશ્નો અને તેના નિરાકરણ માટેના ઉપાયો :**

(૧) આવાસ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીએ અનેક ઓફીસમાં અને અનેક વ્યક્તિઓને મળવાનું થાય છે. આમ ધક્કા ખાવામાં જ વ્યક્તિ થાકી જાય છે એટલે વહીવટી સરળીકરણ થાય તે અંગે વિચારવું જોઈએ. અથવા તો વ્યક્તિ ગામમાંથી લાભાર્થી તરીકે પસંદ થયા પછી તેની કાર્યવાહી ઓફીસ થ્રુ થવી જોઈએ, જેથી લાભાર્થીનો સમય અને નાણાં બગડે નહી.

(૨) જે વ્યક્તિઓ રાજકીય રીતે પહેચાન ધરાવે છે, જાતિના આગેવાનો સાથે કે કાર્યકરો સાથે સંબંધ છે તેઓને જ યોજનાની જાણકારી મળે છે. આમ આદિવાસી વિકાસ માટે કેન્દ્ર કે રાજ્ય સ્તરેથી અનેક યોજનાઓ હોવા છતાં ગ્રામ્ય સ્તર સુધી લઈ જનાર કાંઈ નથી. આથી જ કહેવાયુ છે કે આપણે ત્યાં જિલ્લા સ્તરે અનેક યોજનાઓ છે પરંતુ ગ્રામ્ય સ્તરે તેને લઈ જનાર કોઈ નથી.

(૩) સામાન્યતઃ એવી ફરિયાદ મળી છે કે યોજનાનો લાભ લેવા સંબંધમાં ખર્ચ કરવો પડે છે, અને જેઓ ખર્ચ કરે છે તેઓનું કામ જલ્દીથી પતે છે. આ ખર્ચનો સંદર્ભ લાંચ સંદર્ભમાં થયો છે. અને લાભાર્થી પણ અનેક વખત ધક્કા ખાવા કે સમય બગડવા કરતા ખર્ચ કરવાનું વધારે પસંદ કરે છે.

(૪) આવાસ બાંધવા માટે લાભાર્થીએ પ્રમથ રોકાણ કરવું પડે છે કેમકે મંજૂર થયેલ નાણા અમુક કામ થાય ત્યાર પછી જ આપવામાં આવે છે. જે વ્યક્તિ પાસે થોડીઘણી પણ મુડી ન હોય તેઓ કાંતો યોજનાનો લાભ લઈ શકતા નથી અથવા તો બહારથી વ્યાજે નાણાં લાવે છે. આમ કરવામાં લાભાર્થીને નુકશાન વેઠવું પડે છે.

(૫) આવાસ યોજના માટે જે નાણાંકીય સહાય આપવાનું ધોરણ છે તે હાલના મોંઘવારીના સમયમાં ઘણુ ઓછું કહી શકાય. તેથી વર્તમાન મોંઘવારીના સમયમાં આ રકમ અંગે પુનઃ વિચારણા કરવી જોઈએ.

(૬) કેટલાક લાભાર્થીઓની ફરિયાદ હતી કે અધિકારીઓ / કર્મચારીઓનો વ્યવહાર છે તે માનહાની થાય તેવો હતો. એક તો લાભાર્થી ગરીબ છે, પોતાની પાસે રહેઠાણ નથી ત્યારે અનેક આશાઓ સાથે કચેરીમાં જાય છે તયારે ઘણા ધક્કા ખાધા પછી અને લાંબા સમયની રાહ જોયા પછી કર્મચારી / અધિકારીશ્રી તરફથી સારી રીતે જવાબ કે વ્યવહાર ન થાય ત્યારે તેઓ (આદિવાસીઓ) ખૂબજ નીરાશ થઈ જાય છે.

(૭) આદિવાસી સમાજમાં જ એક વર્ગ કે જે એલીટ–કાર્યકર છે તે આગળ આવી લાભો મેળવી લે છે. સરકારશ્રી દ્વારા જે કોઈ યોજનાઓ બહાર પડે તેની માહિતી મેળવી લાભ મેળવવા પ્રયત્નો કરે છે અને આને કારણે ખરેખર જરૂરમંદ વ્યક્તિ લાભથી વંચિત રહે છે. આ કાર્યકરોની એટલી બધી જાણકારી છે કે ઘણી વખત તાલુકાના સંબંધીત અધિકારીઓ યોજના અંગેની જાણકારી ધરાવતા ન હોય ત્યાં કાર્યકરો પાસે માહિતી આવી જાય છે. આમાં ખરેખરા લાભાર્થી રહી જાય છે અને અન્યો અનેક યોજનાઓનો લાભ લઈ લે છે. આથી અમલીકરણ અધિકારીશ્રીઓએ આમાં તકેદારી રાખવી જરૂરી છે.

(૮) વહીવટી બેદરકારીને કારણે પણ ક્યારેક પ્રશ્નો ઉદ્‌ભવે છે જેમકે,

(અ) આવાસ યોજનાની ગ્રાન્ટ સમયસર ફાળવાતી ન હોય, ગ્રાન્ટ આવી જાય પરંતુ લાભાર્થીઓની પસંદગી મોડી થાય.

(બ) આર્થિક સહાય ઘણી ઓછી હોય.

(ક) લાભાર્થી એક કરતા વધુ યોજનાનો લાભ લેવા પ્રયત્ન કરે.

(ડ) દર વર્ષે જે નવા લાભાર્થીઓ નક્કી કરવાના હોય તેની યાદી પ્રથમથી તૈયાર હોતી નથી.

(ઈ) લાભાર્થી મકાન પોતાની જમીનમાં બનાવતો હોવાથી સ્થળ મુલાકાત લેવી મુશ્કેલ બને છે.

(૯) આવાસ યોજના માટે જે સરકારી જમીન છે તે ગામથી ઘણે દૂર હોવાના કિસ્સા ઘણા જોવા મળે છે. આ સાથે ઘર બાંધવા યોગ્ય ન લાગે ત્યાં પણ મકાન બનાવાયા હોવાના દાખલા છે. આને કારણે લાભાર્થી રહેવા ન જાય તેવું પણ બને છે.

(૧૦) ઈંદિરા આવાસ યોજના નીચે જ્યાં મકાનો તેયાર થયા છે ત્યાઁ પાયાની મૂળભૂત જરૂરિયાતો રસ્તા, પાણી, વીજળી વગેરે ન હોવાને કારણે લાભાર્થી ત્યાં રહેવા જતા નથી અને મકાનો ભુતીયાવાસ બનીને પડયા રહે છે.

(૧૧) મટીરીયલ્સ હલકા પ્રકારનું વાપરે તેને લઈને સારું ચણતર નહિ, છત સારી નહિ તેથી ચોમાસામાં પાણી પડવાના પ્રશ્નો થાય છે.

(૧૨) યોજના નીચે બાંધકામ માટે જે ક્ષેત્રફળ નક્કી કરેલ છે તે ઘણું ઓછું છે કેમકે આદિવાસીઓ પાસે ગાય, ભેંસ, બકરા અને મરઘા હોય છે. તેઓ પાસે ખેતીના ઓજારો હોય છે. આ બધુ નાના સરખા ઘરમાં સાચવવું મુશ્કેલ બને છે.

(૧૩) સરકારી ગામ પંચાયતની જમીનમાં જેઓએ ઘર બાંધ્યા છે ત્યાં એવી સ્થિતિ છે કે મકાનનું વિસ્તરણ થઈ શકે તેમ નથી પરિણામે રૂઢીગત પોતાની રીતે જે રહેતા આવ્યા છે તે લોકો મોકળાશ અનુભવી શકતા નથી.

(૧૪) ઈંદિરા આવાસ યોજનામાં શરૂમાં મટીરીયલ્સ લાભાર્થીએ જાતે લાવવું પડે છે. પરંતુ તેમની પાસે પૈસા નથી. બજારમાં ક્રેડીટ પર તેને માલ મળતો નથી. આવા સમયે તે વેપારી-શાહુકાર કે ધીરધાર પાસેથી પૈસા લે છે અને તેનું ઊંચું વ્યાજ આપવુ પડે છે. આથી સહાયના પૈસા આપવાની બાબતમાં પુનઃ વિચારણા કરવી આવશ્યક છે. કારણકે વ્યાજે પૈસા મેળવવાથી એકંદરે તેઓને મકાન મોઘું પડે છે.

(૧૫) લાભાર્થીઓ જણાવે છે કે નાણાં મેળવવા માટે ઓફીસમાં ધક્કા ખૂબજ ખાવા પડે છે, સમયસર હપ્તા મળતા નથી. તેમજ સહાયરૂપે જે રકમ મળે છે તેમાંથી હાલની મોંઘવારીમાં મકાન બનાવવું કઠિન છે તો સહાયના ધોરણ અંગે પણ વિચારણા કરવી પડે.

**અભ્યાસ દરમિયાન લાભાર્થીઓએ યોજના સંબંધમાં બતાવેલ મુશ્કેલીઓ :**

ઈંદિરા આવાસ યોજના સંબંધમાં આગળ કેટલાક પ્રશ્નો અને તેના ઉપાયો બતાવ્યા છે. પરંતુ આ સાથે ક્ષેત્રકાર્ય દરમિયાન લાભાર્થીઓને યોજનાનો લાભ મેળવવામાં કોઈ મુશ્કેલી પડી હતી કે કેમ ? તે અંગે પૃચ્છા કરતા સો લાભાર્થીઓમાંથી અઠ્ઠાવન લાભાર્થીઓએ પોતે યોજનાનો લાભ મેળવવામાં મુશ્કેલી પડી હતી તેવું જણાવ્યું હતું. મુશ્કેલી કેવી પડી તે અંગે લાભાર્થીઓએ કહ્યું કે સમયસર પૈસાની ચૂકવણી થતી નથી, લાભ મેળવવા માટે ઓફીસમાં ધક્કા ખાવા પડે છે. જ્યારે આવાસ બાંધકામ અંગે તેઓએ મુશ્કેલી બતાવી તેમાં માલસામાનની ખરીદી કરવામાં મુશ્કેલી પડે છે. નજીકમાં આરોગ્યની સુવિધા નથી, પ્રાથમિક સુવિધાઓ અપૂરતી છે. ક્ષેત્રફળ ઓછું પડે છે તેમજ બાંધકામ યોગ્ય નથી તેમ જણાવે છે.

આ સાથે તેમને માટે બનાવેલ આવાસ પોતાને અનુકુળ છે કે કેમ તે અંગે જાણતા અઠ્ઠાણુ લાભાર્થીઓને આવાસ અનુકુળ છે તેમ જણાવે છે જ્યારે માત્ર બે લાભાર્થી કહે છે કે આવાસ અનુકુળ નથી. જે બે લાભાર્થીને આવાસ અનુકુળ નથી તેમણે એ માટે જણાવ્યું છે કે બાંધકામ યોગ્ય થયું નથી. બાંધકામ નાનું પડે છે તેમજ ગામથી ઘણે દૂર છે.

**સૂચનો :**

(૧) આવાસ યોજનાને વધુ લાભાર્થીમૂલી બનાવવા માટે હાલ બાંધકામ થયા પછી નાણાં આપવામાં આવે છે તે કામ શરૂ કરે એ પહેલા પ્રમથ હપ્તો આપવો જોઈએ અથવા રો-મરીટીયલ્સ પુરૂં પાડવું જોઈએ અને પછી જેમ કામ આગળ વધે તેમ નાણાં ચૂકવવા જોઈએ.

(૨) ક્યાંક ક્યાંક એવું જોવા મળે છે કે જરૂરમંદને બદલે જેમની રાજકીય રીતે પહેચાન છે તેવા લોકો યોજનાનો લાભ લઈ જાય છે. આથી કડક નિયંત્રણ અને દેખરેખ રાખી કેશ તૈયાર કરવા જોઈએ.

(૩) આવાસ યોજનામાં જે સહાયનું ધોરણ છે તે વર્તમાન મોંઘવારીના સમયમાં ઘણુ ઓછુ લાગે છે. તો રકમ અંગે પુનઃવિચારણા કરી રકમ વધારવી જોઈએ.

(૪) સરકારી કર્મચારી પ્રત્યે લાભાર્થીઓનો રોષ છે કે તેઓનું વર્તન ઘણીવાર અયોગ્ય હોય છે, કોઈપણ પ્રકારનું માન મર્યાદા રાખતા નથી. ખરેખર આદિવાસીઓ સાથે કઈ રીતનો વ્યવહાર થઈ શકે તે માટે આદિવાસી કેન્દ્ર તરફથી જે તાલીમ વર્ગો ગોઠવાય છે તેમાં કર્મચારીઓ વધારે ભાગ લે, તો વધુ સારું રહેશે.

(૫) કાચામાલની યોગ્ય વ્યવસ્થા થાય તો વેપારી દ્વારા શોષણ ન થઈ શકે.

(૬) આવાસ યોજના સાથે અન્ય પ્રાથમિક સુવિધાઓનો વિકાસ અને કામો થવા જોઈએ જેથી લાભાર્થી પોતાના આવાસમાં રહેવા જાય.

(૭) લાભાર્થી એક કરતા વધુ જગ્યાએથી યોજનાનો લાભ લે તેવુ બને છે તો પ્રતિવર્ષ લાભાર્થી પસંદગીમાં જીણવટભરી ચકાસણી કરવી જોઈએ આથી એમ લાગે છે કે,

(૮) આવાસ યોજના કોઈ એક ડીપાર્ટમેન્ટ હસ્તક જોઈએ જેથી કોઈ એક લાભાર્થી વધુ વખત લાભ ન લઈ જઈ શકે અને આ માટે

(૯) આવાસ યોજના અનેક એજન્સીઓ જેમકે સમાજકલ્યાણ, હુડકો, વિકાસ કમિશ્નરશ્રી અને ઈંદિરા આવાસ આમ જુદી જુદી એજન્સીઓ કામ કરે છે ત્યારે યોજનાનું વિકેન્દ્રીકરણ કરવું કે વિસ્તારવાર જુદી જુદી એજન્સીઓને કામ સોંપવું જોઈએ.

(૧૦) આદિવાસી વિસ્તારમાં જુદી જુદી યોજના નીચે આવાસો બંધાય છે તેમાં એક યોજના લોનની હોય છે તો બીજી યોજના સબસીડીની હોય છે. આવા વખતે

લોનવાળી યોજના દ્વારા મકાન બંધાય ગયા પછી હપ્તો માંગવામાં આવે તો કહે છે કે અમારી પાસે હપ્તો માંગો છો તો અન્ય પાસે કેમ નહિ ? આમ લાભાર્થીના મનમાં દ્વિધા થાય છે. તેથી અન્ય આવાસ યોજનાઓને ઈંદિરા આવાસ યોજનામાં સો ટકા સબસીડી યોજનામાં ફેરવી દેવી જોઈએ.

(૧૧) વિકાસ કમિશ્નરશ્રીની આવાસ યોજના અમલીકરણમાં પાંચ વર્ષે રીપેરીંગ માટેની યોજના છે. ઈંદિરા આવાસ યોજનામાં પણ આવું કંઈક વિચારવું જોઈએ, એજ રીતે

(૧૨) મકાન એક્ષટેન્શન માટે પણ યોજના દાખલ કરવી જોઈએ. કેમકે આદિવાસી કુટુંબ પાસે ખેતીના સાધનો, પશુઓ વગેરે છે તે બધું સરકારશ્રી દ્વારા આવાસ યોજનામાં નિશ્ચિત કરેલ વિસ્તારમાં ન રહી શકે તેથી એક્ષટેન્શન યોજના દાખલ કરવી જોઈએ. પરંતુ એ સાથે ખ્યાલ જરૂર રાખવો કે,

(૧૩) આદિવાસીઓ પહેલેથી પોતાની રીતે રહેવા ટેવાયેલા છે તો તેને પોતાને અનુરૂપ અને અનુકૂળ એવું પોતાની જાતે જ મકાન બાંધવા દેવું જોઈએ. જેથી મનપસંદ અને પોતાની સુવિધાવાળુ મકાન બાંધી શકે.

(૧૪) આદિવાસીઓના મકાન બાંધકામમાં આગળ પાછળ જગ્યા તેમજ ઘરમાં આગળ રવેસ-ઓસરી હોય એ રીતેજ વ્યવસ્થા કરવી જોઈએ.

(૧૫) ક્ષેત્રકાર્ય દરમિયાન એક એવો પણ મત જાણવા મળ્યો કે જુદી જુદી Ngo સંસ્થાને આવાસ બંધાવવાની કામગીરી સોંપવી જોઈએ અને તેમાં લાભાર્થીનો મત-અભિપ્રાય પણ લેવાય તે રીતની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૧૬) ખૂબજ અગત્યની બાબત એ જણાય કે જે તે નાણાંકીય વર્ષની શરૂઆતથી જ લક્ષાંકો પ્રમાણે કામગીરી આગળ ધપાવવી જોઈએ. ઘણીવાર નાણાંકીય વર્ષના છેલ્લા ત્રણ-ચાર માસમાં જ લક્ષાંકો સિદ્ધ કરવા કામગીરી ચાલુ થાય છે. આમ કરવાથી મટીરીયલ્સમાં ક્વોલીટી જળવાતી નથી- અંતે સહન આદિવાસી લાભાર્થીને કરવાનું રહે છે.

(૧૭) આવાસ યોજનાની આસપાસ નજીકમાં કંઈ નહિ તો બાલમંદિર તો હોવું જ જોઈએ.

(૧૮) આદિવાસીઓ પોતાનું આવાસ વધુ સુવિધાવાળુ અને હવા-ઉજાસવાળુ બનાવે તે માટે જરૂરી માર્ગદર્શન મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

ઈંદિરા આવસ યોજનાને વધુ લોકાભિમુખ બનાવવા માટે શું કરવું જોઈએ તેવો સૂચનનારૂપે અભિપ્રાય જાણતા,

(૧) બાંધકામ માટેની સહાય વધારવી જોઈએ તેવું ઈકોતેર લાભાર્થીનું કહેવું છે.

(૨) માલસામાન સારો મળવો જોઈએ તેમ એકવીસ માને છે.

(૩) સહાયનો હપ્તો નિયમિત અને ઝડપી મળવો જોઈએ તેમ સડસઠનું કહેવું છે.

(૪) બાંધકામની આસપાસ પ્રાથમિક અને પાયાની સુવિધા પૂરતી હોવી જોઈએ તેમ તેત્રીસ લાભાર્થી કહે છે.

(૫) લાભાર્થીની પસંદગીમાં સ્થળ પર તપાસ કરી ખાત્રી કરીને લાભ આપવો જોઈએ તેમ સાડત્રીસ જણાવે છે.

(૬) મકાન બનાવતી વખતે પ્રમથ નાણાં આપવા જોઈએ તેમ છત્રીસ લાભાર્થી કહે છે, જ્યારે

(૭) કાગળોની વિધિ વહીવટી સરળતા કરવી જોઈએ તેમ સતાવન લાભાર્થી જણાવે છે.

આમ ઉપરોક્ત વિવિધ સૂચનો લાભાર્થી તરફથી મળ્યા હતા.